કારણ-સંવાદ

પંડિત મુનિરાજ
શ્રી રત્નચંદ્રજી મહારાજ

શ્રી ગુલાબ-વીર ગ્રન્થમાલા-રત્ન ૨૨ મું

ॐ अर्हम्

કારણ-સંવાદ

કાલ, સ્વભાવ આદિ પાંચે કારણોનો
બુદ્ધિગ્રાહ્ય અને રોચક સમન્વય

લેખક
ભારતભૂષણ શતાવધાની
પં. મુનિરાજ શ્રી રત્નચંદ્રજી મહારાજ

પ્રકાશક
અ. ભા. જૈન સાહિત્ય પ્રચારક સમિતિઃ બ્યાવર
તરફથી
ધીરજલાલ કે. તુરખિયા

પ્રત ૧૦૦૦	વીર સં. ૨૪૬૫ વિ. સં. ૧૯૯૫	મૂલ્ય ૧॥ આનો

આ. ૧ લી

મુદ્રણસ્થાનઃ ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસ-**અમદાવાદ**
મુદ્રકઃ પરીખ સુરેશચંદ્ર પોપટલાલ

ધન્યવાદ

આ પુસ્તિકાના પ્રકાશનનું શ્રેય પાલણપુર-નિવાસી મહેતા વ્રજલાલ કેશવલાલને જ છે, કારણ કે તેઓશ્રીએ પોતાનાં સ્વર્ગસ્થ ધર્મપત્ની મણીબાઈના સ્મરણાર્થે દ્રવ્યની સહાયતા આપેલ છે. તેમની આ ઉદારતા અને દાનશીલતા માટે કોટિશઃ ધન્યવાદ.

નિવેદક
ધીરજલાલ કે. તુરખિયા
મંત્રી, અ. ભા. જૈન સાહિત્ય પ્રચારક સમિતિ
જૈન ગુરૂકુલ, બ્યાવર.

તૈયાર થાય છે !

સૃષ્ટિવાદ અને ઈશ્વર

રચયિતા—**ભારતભૂષણ શતાવધાની પંડિત મુનિરાજ**

શ્રી રત્નચંદ્રજી મહારાજ

સૂયગડાંગ સૂત્રના પહેલા અધ્યયનમાં બતાવેલ સૃષ્ટિવાદની પાંચ ગાથાઓ ઉપર વિવેચન રૂપે આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે, જેમાં વેદ, સંહિતા, બ્રાહ્મણ, ઉપનિષદ, પુરાણો, કુરાન, બાઈબિલ, સત્યાર્થપ્રકાશ વગેરે અનેક ગ્રંથોનાં સૃષ્ટિ અને પ્રલય વિષયક ઉદ્ધરણો ઉપરાંત તેની સમાલોચના કરવામાં આવી છે. ઉત્તર પક્ષરૂપે મીમાંસાદર્શન, સાંખ્યદર્શન, યોગદર્શન, બૌદ્ધદર્શન અને જૈનદર્શન આદિનાં તાત્વિક પુસ્તકોનાં પ્રમાણો આપી સૃષ્ટિકર્તા ઈશ્વર નથી એ સાબિત કરવામાં આવેલ છે.

પુસ્તક લગભગ ૩૦–૩૫ ફારમનું થશે. સાઈઝ ક્રાઉન સોલ પેજી. અગાઉથી ગ્રાહક થનાર માટે ૧। રૂ., પાછળથી ૧॥ રૂ. કિંમત રાખવામાં આવેલ છે. પોષ્ટ ખર્ચ અલગ.

પ્રાપ્તિસ્થાન-**ધીરજલાલ કે. તુરખિયા**

જૈન ગુરૂકુલ-બ્યાવર (રાજપુતાના.)

ભૂમિકા

જડ જગત્ અને ચેતન જગત્‌માં જે અવનવા બનાવો બને છે તેનું કારણ જાણવાની અભિલાષા દરેક વિચારશીલ મનુષ્યને થાય એ સ્વાભાવિક છે. કારણ અને કાર્યનો પરસ્પર વ્યાપ્યવ્યાપક ભાવ સંબંધ છે. અર્થાત્ જ્યાં કારણ હોય ત્યાંજ કાર્ય ઉત્પન્ન થાય. વિના-કારણ કાર્ય કદી પણ ઉત્પન્ન થઇ શકે નહિ. આનંદઘનજીએ સંભવનાથદેવની સ્તુતિ કરતાં ઠીક જ કહ્યું છે કે—

કારણ જોગે હો કારજ નીપજેરે,
એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધીયેરે,
એ નિજ મત ઉન્માદ—સંભવ.

કોઈ પણ ઇષ્ટ કાર્યની પ્રવૃત્તિ અને અનિષ્ટ કાર્યની નિવૃત્તિ તેના ખરા કારણની પ્રવૃત્તિ કે નિવૃત્તિ સિવાય નહિ સાધી શકાય. પ્રાણી માત્રની ઇચ્છા અને પ્રવૃત્તિનો ઉદ્દેશ ઇષ્ટ ફલની પ્રાપ્તિ અને અનિષ્ટ ફલની નિવૃત્તિ હોય છે. પ્રાણીઓની સામાન્ય દ્દષ્ટિથી ઇષ્ટ ફલ સુખ અને અનિષ્ટ ફલ દુઃખ માનવામાં આવે છે. ભોગ્ય વસ્તુ-ના ભેદથી અને ભોક્તા પ્રાણીની માન્યતાના ભેદથી સુખ અને દુઃખના અનેક–અગણિત ભેદો છે. પણ સંગ્રહ દૃષ્ટિથી પુણ્ય ફલ અને પાપ ફલ રૂપે તે બધાનો સંકોચ થઈ શકે છે. અસ્તુ. આ ચેતન જગત્‌માં સુખ દરેકને પ્રિય–ઉપાદેય અને દુઃખ અપ્રિય–હેય હાય છે. જીવન પ્રિય અને મૃત્યુ અપ્રિય, સ.ભાગ્ય પ્રિય અને દુર્ભાગ્ય અપ્રિય, યશ–પ્રતિષ્ઠા પ્રિય અને અપયશ અપ્રિય, લક્ષ્મી પ્રિય અને દરિદ્રતા અપ્રિય, પ્રશંસા પ્રિય અને નિન્દા અપ્રિય, અધિકાર મળવો પ્રિય અને અધિકારથી પતિત હોવું અપ્રિય છે. ઇચ્છા હંમેશાં પ્રિય વસ્તુની હોય છે. છતાં અપ્રિય વસ્તુ મળે છે અને પ્રિય વસ્તુ દૂર ભાગે છે.

આનું શું કારણ હશે? આવો પ્રશ્ન અનેક વાર મનુષ્યોના મનમાં ઉઠે છે. વર્તમાનકાલનો આ પ્રશ્ન નથી પણ ભૂતકાલમાં હજારો વરસથી આ પ્રશ્ન ઉદ્‌ભવતો આવ્યો છે. કેવલ ચેતન જગત્‌માં જ નહિ અપિતુ જડ જગત્ સંબંધે પણ કારણવાદનો પ્રશ્ન ઉત્પન્ન થયા વિના રહ્યો નથી. નદી, પહાડ, પર્વત, સમુદ્ર, ચંદ્ર, સૂર્ય વગેરે શાથી ઉત્પન્ન થયાં છે એના કારણ વિષે ધર્મશાસ્ત્રોમાં અનેક સ્થળે ઉહાપોહ કરવામાં આવ્યો છે. 'સૂયગડાઙ્ગ' સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધ પ્રથમ અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં પાંચમી, છઠ્ઠી, સાતમી અને આઠમી ગાથામાં જગત્ કોણે રચ્યું એ સંબંધી પૂર્વ પક્ષ કરવામાં આવ્યો છે, અને નવમી ગાથામાં તેનો ઉત્તર પક્ષ છે. જિજ્ઞાસુએ એ વિષય વિસ્તારથી 'સૃષ્ટિવાદ' અને ઇશ્વર ગ્રંથ જે થોડા વખત પછી પ્રગટ થશે તેમાં જોઇ લેવો. આ પ્રશ્નને અંગે દેવવાદ, બ્રહ્મવાદ, અંડવાદ, સ્વયંભૂવાદ, બ્રહ્માવાદ, ઇશ્વરવાદ, પ્રકૃતિવાદ વગેરે અનેક વાદો પ્રચલિત થયા છે. એના પછી અથર્વવેદ કાલથી કાલવાદ સ્ટેજ પર આવે છે. જુઓ—

कालो भूमिसृजत, काले तपति सूर्यः काले हविश्वा भूतानि, काले चक्षुर्विपश्यति। અથર્વસંહિતાઃ કાણ્ડ ૧૯

સાંખ્ય દર્શનમાં કાલની જગ્યા પ્રકૃતિએ લીધી. પ્રકૃતિનો બીજો અર્થ સ્વભાવ થાય છે એટલે સાંખ્ય દર્શનમાં સ્વભાવવાદ પલ્લવિત થયો. મહાભારતના શાન્તિ પર્વમાં સ્વભાવવાદનો ખૂબ વિકાસ થયો છે. કર્મવાદ પણ અથર્વવેદ કાલથી ઉલ્લેખિત થયેલ છે. અથર્વવેદ સંહિતાના ૧૧ મા કાંડમાં નીચે મુજબ કર્મવાદનો ઉલ્લેખ મળે છે.

अजाता आसनृतवो योधाता बृहस्पतिः
इन्द्राग्नी अश्विनार्ताहि कंतेज्येष्ठमुपासत॥
तपश्चैवास्तां कर्म चान्तर्महत्यर्णवे
तपोह जज्ञेकर्मणस्तत्ते ज्येष्ठमुपासत॥

અર્થ—સૃષ્ટિ વખતે વસન્ત આદિ ઋતુઓ ઉત્પન્ન થઇ ન હતી. ધાતા, બૃહસ્પતિ, ઇંદ્ર, અગ્નિ અને અશ્વિની કુમાર આદિ ઋતુચક્રના અધિપતિ દેવો પણ ઉત્પન્ન થયા ન હતા. ત્યારે ધાતા આદિ દેવોએ પોતાની ઉત્પત્તિ માટે જ્યેષ્ઠ કારણભૂત કયા ઉત્પાદકની અભ્યર્થના કરી હતી ?

ઉત્તર—પ્રલયકાલરૂપ મહા સમુદ્રમાં જગત્ સૃષ્ટાના પર્યાલોચનરૂપ તપ અને પ્રાણીઓના ભોગ્યકર્મ એ બે વિદ્યમાન હતાં. તેમાં પણ તપની ઉત્પત્તિ પ્રાણીઓના ભોગ્યકર્મથી થાય છે, માટે ધાતા આદિ જ્યેષ્ઠ કારણ કર્મનીજ ઉપાસના કરે છે.

कुत इन्द्रः कुतः सोमः कुतो अग्निरजायत।
कुतस्त्वष्टा समभवत् कुतो धाता ऽजायत ॥
इन्द्रादिन्द्रः सोमात्सोमो ऽग्नेरग्निरजायत।
त्वष्टाह जज्ञे त्वष्टुर्धातुर्धाता ऽजायत ॥

અર્થ—વર્તમાન સૃષ્ટિમાં ઇન્દ્ર ક્યાંથી થયો ? સોમ ક્યાંથી થયો ? અગ્નિ શેમાંથી થયો ? ત્વષ્ટા ક્યાંથી ઉત્પન્ન થયો ? અને ધાતા શેમાંથી જન્મ પામ્યો ?

ઉત્તર—આ પ્રલયની પહેલાં જે સૃષ્ટિ હતી, તેમાં જે ઇન્દ્ર હતો તેમાંથી વર્તમાન સૃષ્ટિનો ઇન્દ્ર થયો. સોમમાંથી સોમ, અગ્નિમાંથી અગ્નિ, ત્વષ્ટામાંથી ત્વષ્ટા અને પૂર્વના ધાતામાંથી વર્તમાન ધાતા થયો. અર્થાત્ પૂર્વનો ઇન્દ્ર શબ્દ કર્મ પર્યવસિત છે. તેથી ઇન્દ્ર યોગ્ય જેનાં કર્મ હતાં તેમાંથી ઇન્દ્ર થયો એમ સોમાદિક પણ જાણવા. અર્થાત્ પ્રલયકાલમાં પણ ભોગ્યકર્મ અવશેષ રહે છે, તેને યોગે તે તે ઉત્પન્ન થાય છે. એમ સંહિતા કાલમાં કર્મવાદનો ઉદય થયો છે ને મહાભારતમાં ફાલ્યો ફૂલ્યો છે. જૈન દર્શનમાં તો મૂલથી જ કર્મવાદ વિકાસ પામેલો છે. યદ્યપિ કર્મનો સંબંધ ચેતન જગત્ સાથે છે, જડ જગત્ સાથે નથી, તથાપિ ચેતન અને જડ ઓતપ્રોત મળેલ છે, ચેતનને યોગેજ શરીરાદિ જડની હાનિવૃદ્ધિ અને શરીરને યોગે ચેતનને જીવન મરણ,

લાભાલાભ, સુયશ અપયશ થાય છે; એ સર્વ કર્માધીન છે. એકંદર રીતે જગત્ અનાદિ અનંત છે, એટલે તેની ઉત્પત્તિ તથા વિનાશનો સવાલ જ નથી.

જૈન દર્શનમાં કર્મવાદ જેટલુંજ પુરૂષાર્થવાદનું સ્થાન છે. ઉપાસકદશા સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં દર્શાવેલ કુંડકોલિક શ્રાવક તથા દેવતાનો સંવાદ, સાતમા અધ્યયનમાં શ્રીમન્ મહાવીર સ્વામી અને શકડાલનો વાર્તાલાપ, તથા ભગવતી સૂત્રના પ્રથમ શતકના ત્રીજા ઉદ્દેશામાં દર્શાવેલ ઉત્થાન કર્મ–બલ–વીર્ય અને પુરૂષાર્થની પ્રધાનતા; આ ત્રણે બાબત પુરૂષાર્થની આવશ્યકતા બતાવવાને પુરતી છે.

પાંચમો નિયતિવાદ—ભાવીભાવ વાદ ગોશાલાક મત આશ્રિત છે. ગોશાલાનો સિદ્ધાંત સૂયગડાઙ્ગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનના બીજા ઉદ્દેશામાં બીજી અને ત્રીજી ગાથામાં આ પ્રમાણે દર્શાવેલ છે:

नतं सयंकडं दुक्खं, कओ अन्नकडं चणं ।
सुहंवा जइवा दुक्खं, सेहियं वा असेहियं ॥
सयं कडं न अन्नेहिं, वेदयन्ति पुढो जिया ।
संगइयं तहातेसिं, इह मेगेसिमाहियं ॥

અર્થ—જીવો સુખ યા દુઃખ પોતાનાં કરેલ ભોગવતા નથી તો બીજાનાં કરેલ કયાંથી ભોગવે? સુખ દુઃખ ભોગવવામાં પુરૂષાર્થનો કશો હિસ્સો નથી અર્થાત્ પુરુષાર્થથી કંઇ થઇ શકતું નથી. જે વસ્તુ શુભ યા અશુભ, જે કાલે, જે સ્થાને, જે પ્રકારે મળવાની હોય તે મળેજ છે. ભાવીને અન્યથા કરવા કોઈ સમર્થ નથી. અન્યત્ર પણ કહ્યું છે કે—

प्राप्तव्यो नियति बलाश्रयेण योऽर्थः ।
सोऽवश्यं भवति नृणां शुभोऽशुभो वा ॥

भूतानां महति कृतेऽपि हि प्रयत्ने ।
नाभाव्यं भवति न भाविनोस्ति नाशः ॥

અર્થાત્—ભાવી ભાવ હોય તેમજ બને છે.

આ પાંચે વાદો વૈદિક કાલથી શ્વેતાશ્વતર ઉપનિષત્ કાલ પર્યંત પ્રવૃત્ત હતા તે આ નીચેના નિષેધથી જણાય છે.

कालः स्वभावो नियति र्यदृच्छा भूतानि योनिः
पुरुष इति चिन्त्यम् । संयोग एषां नत्वात्मभावात् ॥
आत्माप्यनीशः सुखदुःखहेतोः ।

श्वेताश्वतरोपनिषत्–१ । २

અર્થ—કાલ, સ્વભાવ, નિયતિ, યદૃચ્છા–અકસ્માત્ થવું, ભૂત અને પુરુષ એ જગત્ ઉત્પત્તિનાં કારણ નથી. એમનો સંયોગ પણ કારણ નથી. સુખ દુઃખનું હેતુ હોવાથી આત્મા પણ જગતનું કારણ નથી.

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તે કાળે આ બધાય વાદો પ્રચલિત હતા કારણકે ઉપનિષત્ કાલ પહેલાં પાંચે વાદીઓનું પ્રવર્તન હતું ત્યારેજ તો તેના નિષેધની જરૂર પડી.

પાંચ વાદોનો સમન્વય—

અન્ય દર્શનોમાં પાંચ વાદીઓ પૈકી એકેક વાદી બીજાઓનું ઉત્થાપન કરીને પોતાનું સ્થાપન કરવા જ્યારે સ્ટેજ ઉપર આવે છે અને એકાંતવાદનું સમર્થન કરે છે ત્યારે જૈન દર્શનમાં તે પાંચેનો અનેકાન્ત દૃષ્ટિએ સમન્વય કરેલ છે. અર્થાત્ કોઈ પ્રસંગે કોઈ મુખ્ય અને કોઈ પ્રસંગે કોઈ એકની ગૌણતા અને અન્યની મુખ્યતા બતાવી સાપેક્ષ નયવાદનું સમર્થન કરવામાં આવ્યું છે. એજ જૈન દર્શનના નયવાદની યા સ્યાદ્વાદની ખૂબી છે.

સૂયગડાંગ સૂત્રના બારમા સમવસરણ અધ્યયનની ટીકામાં ક્રિયાવાદના ૧૮૦ ભેદોમાં ઉક્ત પાંચે વાદોનો અંતર્ભાવ કરીને

પાંચેનો અનેકાંત દૃષ્ટિથી સમન્વય કરતાં પાંચેમાં સમ્યગ્ દૃષ્ટિ સિદ્ધ કરી છે. **तदुक्तं–"तदेवं सर्वानपि कालादीन् कारणत्वेनाभ्युपगच्छन् सम्यग् दृष्टित्वेनाभ्युपगन्तव्यः"**

પાંચે વાદીઓની ઉપયોગિતા—

ગૌણભાવ તથા મુખ્યભાવ ભલે રહે પણ ઉપયોગિતા એકંદર પાંચેની છે. કાલને કારણ માનવાથી કાર્યમાં અધીરજ થતી નથી. કાલની કારણતા જાણવામાં ન હોય તો માણસને વચમાં અધીરજ થઇ જાય તો કાર્યના પરિણામ સુધી પહોંચી શકાય નહિ; વચમાંજ પડતું મુકી દેવાય.

સ્વભાવને જાણવાથી વિપરીત સ્વભાવવાળા કારણની પ્રવૃત્તિ આપોઆપ અટકી જશે. તૃષ્ણામાં અશાન્તિ વધારવાનો અને સંતોષમાં શાંતિ આપવાનો સ્વભાવ જાણવામાં આવશે તો જાણનાર માણસ શાંતિ માટે મૃગતૃષ્ણાના પ્રવાહમાં ગોથા નહિ ખાય.

પૂર્વ કર્માનુસાર સુખ દુઃખ મળે છે. એ વાત જાણ્યા પછી દુઃખનાં કારણોની નિવૃત્તિ અને સુખનાં કારણોની પ્રવૃત્તિ કરવા તરફ મનુષ્યનું ધ્યેય સ્થિર થશે.

પૂર્વ કર્મ એ ભૂતકાલના પુરુષાર્થનું પરિણામ છે. ભૂતકાલ અને વર્તમાનકાલના ભેદને ભૂલી જઈએ તો પૂર્વ કર્મ અને પુરૂષાર્થમાં કંઈ ભેદ રહેતો નથી. ભૂતકાલનો પુરૂષાર્થ વર્તમાનમાં દૃષ્ટિ ગોચર થતો નથી, એમ માની બન્નેને જુદા ગણીએ તોપણ આવશ્યકતા બન્નેની છે, એટલુંજ નહિ પણ પૂર્વ કર્મ શિથિલ હોય તો પુરુષાર્થ તેને ઉડાડી દે છે. અથવા અશુભને શુભ રૂપે પણ પરિણમાવી દે છે. શિથિલ કર્મની આગળ પુરૂષાર્થની પુરી સત્તા સાબીત થઇ જાય છે, જેથી પુરુષાર્થની પ્રધાનતા જૈન શાસ્ત્રમાં દર્શાવી છે.

નિકાચિત કર્મોદય રૂપ નિયતિ પણ અનાવશ્યક તો નથીજ. નિયતિની વિપરીત પરિણતિ જોઇ ભવિષ્યમાં તેવાં કર્મ ન બન્ધાય તેવી પ્રવૃત્તિ કરવી તે નિયતિવાદની ઉપયોગિતા છે. અથવા નિકાચિત કર્મના યોગથી પડેલી વિપત્તિથી આર્ત ધ્યાન ન ધ્યાવવું, ધીરજ ન છોડવી એ તેની સફલતા છે. આ પ્રમાણે પાંચે વાદીઓની સંગતિ અને ઉપયોગિતા દર્શાવીને જીવનની ગુંચવણો ઉકેલવા તથા એકાંત-વાદને સ્થાને અનેકાન્ત વાદને સ્થાપવા પ્રકૃત નિબંધને 'જૈનહિતેચ્છુ'ના અંકમાં તથા 'રત્નગદ્ય માલિકા' માં પ્રકાશિત કર્યા પછી પણ ઉક્ત એ પુસ્તકની દુર્લભતા હોવાથી પાલણપુર નિવાસી મ્હેતા વ્રજલાલ કેશવલાલ કે જેઓ કુટુંબ સહિત આગ્રા દર્શન કરવા આવ્યા હતા, તેમની પ્રેરણાથી કેટલાક સુધારા વધારા સાથે ત્રીજી વાર સ્વતંત્ર પુસ્તિકા રૂપે તૈયાર કરવામાં આવેલ છે. આશા છે કે વાચક એમાંથી સાર ખેંચી પોતાના જીવનને શુદ્ધ માર્ગ ઉપર પસાર કરવાનું શીખશે તો લેખકનો શ્રમ સફલ થયો મનાશે. **'सुज्ञेषु किं बहुना ।'**

અજમેર
તા. ૩-૫-૧૯૩૯ } મુનિ રત્નચંદ્ર

કારણ-સંવાદ

આષાઢ શુદિ બીજનો માંગલિક દિવસ કેટલાએક દેશોમાં વર્ષનો પ્રારંભક દિવસ ગણાય છે. વિશ્વનગરીના સત્યશોધક સત્યચંદ્ર નરેશે આજનો દિવસ શાસ્ત્રાર્થ–તત્ત્વસંશોધન કરવા માટે મુકરર કરેલો છે. દર વર્ષે આજના દિવસે જૂદા જૂદા દેશોના વિદ્વાનો સત્યચંદ્ર રાજાની સભામાં એકઠા થઈ અમુક શાસ્ત્રીય વિષય ઉપર વિચાર ચલાવે, તે ઉપર વિવેકચંદ્ર પ્રધાનની વિવેક-બુદ્ધિનો પ્રકાશ પડે, અને સત્યચંદ્ર રાજાની સત્યશોધક વૃત્તિ તે વિષયનો ફડચો લાવે, એવો રીવાજ છે. કેટલાંક વર્ષોથી આ રીતિ આ રાજ્યમાં ચાલતી આવી છે. આ વર્ષે અને આજે પણ ઘણા વિદ્વાનો જૂદા જૂદા દેશોમાંથી આવ્યા છે. અગિયાર વાગ્યા પહેલાં શારીરિક હાજતોથી પરવારીને માણસોનાં ટોળેટોળાં રાજસભા તરફ આવવા લાગ્યાં છે. પ્રેક્ષકો, વિચારકો અને સંશોધકોથી સભા ચિક્કાર ભરાઈ ગઈ છે. બરાબર અગિયારના ટકોરા થતાં પ્રધાનની સાથે રાજાની ગાડી પણ આવી પહોંચી. ગાડીમાંથી નીચે ઉતરી રાજા અને પ્રધાન લોકોના સત્કારની વચ્ચે સભામાં દાખલ થઈ નિર્માણ થયેલ આસન ઉપર આરૂઢ થયા, કે તરતજ સંવાદ શરૂ થયો.

રાજા—પ્રધાનજી! આજે કયા વિષય ઉપર વિચાર ચલાવવાનો છે?

પ્રધાન—આપ નામદારને વિદિત થાય કે, લોકોમાં આજકાલ પ્રારબ્ધ અને પુરૂષાર્થ વિષે બહુ ચર્ચા ચાલી રહી છે. કેટલાએક કહે છે કે, સુખદુઃખ, જીવન–મરણ, લાભ–અલાભ, જય–પરાજય, કીર્તિ–અપકીર્તિ, સુકૃત્ય–દુષ્કૃત્ય અને ધર્મ–અધર્મ વગેરે દ્વન્દ્વો પૂર્વના પ્રારબ્ધ પ્રમાણેજ બન્યા કરે છે; ત્યારે બીજાઓ કહે છે કે, બનવાકાળ–**ભાવીભાવ** હોય તેમજ બન્યા કરે છે. કોઈ કહે છે કે, વસ્તુ **સ્વભાવેજ** દરેક ચીજ બને છે અને મળે છે. વળી કોઈ કહે છે કે, દરેક વસ્તુ **કાલબળે** સિદ્ધ થાય છે અને દરેક ક્રિયા કાળે કરીનેજ ફળ આપે છે. આમ જૂદા જૂદા મતો પડવાથી તે વિષય લોકોમાં બહુ ચર્ચાય છે; માટે આજે તે વિષય પરજ વિચાર ચલાવવાનું અને સત્યાસત્યનો નિર્ણય કરવાનું ઉચિત ધાર્યું છે.

રાજા—બહુ સારૂં; તે વિષયના વાદી–પ્રતિવાદી કોણ કોણ છે? તેમને અહિં બોલાવો.

પ્રધાન—પંડિતજી! કહો, પ્રકૃત વિષય ઉપર કોણ કોણ બોલવા ધારે છે અને બોલવા સમર્થ છે?

પંડિત—પ્રધાનજી! આ સામે બેઠેલા પાંચ મહાશયો પોતપોતાનો પક્ષ સારી રીતે રજુ કરી શકશે. તેમને બોલવાનો પ્રસંગ આપ્યા પહેલાં તે પાંચેની થોડી પિછાન કરાવવાને હું રજા લઈશ. આ પહેલા નંબરના મહાશયનું નામ **કાળચંદ** છે. તે કાળનો પ્રતિનિધિ યા પક્ષકાર છે. આ જગતમાં જે કંઈ અવનવા બનાવો બને છે, જે કંઇ પણ કાર્ય થાય છે, તે સર્વ કાળની સત્તાથી જ થાય છે એવો તેનો સિદ્ધાન્ત છે. આ બીજા નંબરના મહાશયનું નામ **સ્વભાવચંદ** છે, તે સ્વભાવવાદી છે, એટલે જગતની દરેક રચના–દરેક કૃતિ તે તે વસ્તુના **સ્વભાવથીજ** બને છે એમ તે માને છે.

ત્રીજા નંબરના મહાશયનું નામ **કર્મચંદ** છે. તે પ્રારબ્ધવાદી છે, દરેક સંપત્તિ વિપત્તિ **પૂર્વ કર્માનુસારેજ** મળે છે, કર્મના હાથમાંજ દરેક સત્તા રહેલી છે એમ તેનું માનવું છે. આ ચોથા નંબરના મહાશયનું નામ **ઉદ્યોગસિંહ** અથવા **પુરૂષાર્થસિંહ** છે. તે પુરૂષાર્થવાદી છે, પુરૂષાર્થ અથવા પરાક્રમથી જ ફળસિદ્ધિ મળે છે, લક્ષ્મી–વિજય–કીર્તિ–સ્વર્ગ–મોક્ષ સવ પુરૂષાર્થથી જ પ્રાપ્ત થઈ શકે છે એમ તેનો દાવો છે. છેલ્લા બેઠેલા આ પાંચમા મહાશયનું નામ **નિયતિવિજય** છે. તે **ભાવીભાવ**નો પ્રતિનિધિ છે, "**यद्भावी तद्भविष्यति**" એ તેનો સિદ્ધાંત છે; **ભાવીરેખા** ટાળવા કે અન્યથા કરવા કોઈ સમર્થ નથી એમ તેની માન્યતા છે. આ પાંચે મહાશય એક બીજાના સિદ્ધાંતને તોડી પોતપોતાનો સિદ્ધાંત સત્ય સાબીત કરવા પ્રયત્ન કરે છે. ઘણે સ્થળે આ પાંચે જણના સંવાદો થયા છે, પણ તેઓ સઘળા એક નિર્ણય ઉપર હજી આવ્યા નથી, તેથી આજના પ્રસંગે પોતપોતાની દલીલો આપી ઇન્સાફ મેળવવાની ઉત્કંઠા ધરાવતા તે પાંચે જણ અત્ર હાજર થયા છે. આપ તેમને પોતપોતાની દલીલો રજુ કરવાને આજ્ઞા ફરમાવશો.

પ્રધાન—કેમ ભાઇ કાલચંદ્ર! જે કાર્યો પુરૂષાર્થથી કે પ્રારબ્ધથી બને છે તેને તું કાલથીજ બનવાનું કેમ કહે છે?

કાલચંદ—સાહેબ! પ્રારબ્ધ, પુરૂષાર્થ કે સ્વભાવ કોઈ પણ કાળ વિના કાર્ય કરી શકતાં નથી. એક માણસે ઘણાં સુકૃત્યો કે દુષ્કૃત્યો કરી શુભ કે અશુભ કર્મ રૂપ પ્રારબ્ધનો યોગ મેળવ્યો હોય તથાપિ તે વખતે તેને શુભ કે અશુભ ફળ મળતું નથી. પ્રારબ્ધ જો ફળ આપવાને સમર્થ હોત તો જ્યારે સુકૃત્ય કે દુષ્કૃત્ય કર્યું ત્યારે તેને ફળ મળ્યું હોત, પણ ફળ તો કાળાન્તરે–અમુક વખતે જ મળે છે, માટે પ્રારબ્ધને પણ કાળજ પકવે છે, અને ફલાભિમુખ કરે છે. કાળના બળ વિના પ્રારબ્ધ ફળ આપી શકતું નથી. પુરૂષાર્થ

પણ કાળને અવલંબી ફળ આપે છે. એક તુરતના જન્મેલા બાળકને બોલતાં કે ચાલતાં શીખવવાને ગમે તેટલો પ્રયત્ન કે પુરૂષાર્થ કરવામાં આવે પણ શું તેથી બાળક બોલતું-ચાલતું થઈ શકશે? નહિજ થાય. શા માટે? તેને હજી કાળનું બળ મળ્યું નથી, કાળ વિના પુરૂષાર્થ કંઈ કરી શકતું નથી.

દરેક પુરૂષાર્થીને ઇચ્છા તો એમજ હોય કે પુરૂષાર્થ કરતાં મને અત્યારેજ-આ ક્ષણેજ ફળ મળે, દવા ખાધી કે રોગ મટે, મુંબઇથી વહાણ હંકાર્યું કે તરતજ તે વહાણ કલકત્તે પહોંચે, ધોરણમાં દાખલ થયા કે પરીક્ષામાં પસાર થાય, એવી ઇચ્છાથી પ્રબળ પુરૂષાર્થ કરવામાં આવે, તોપણ શું કાળના બળ વિના ફળસિદ્ધિ મળી શકશે? કદાપિ નહિ. અમુક વખતેજ દવાથી આરોગ્ય મળવાનું, મુંબઇથી ઉપડેલ વહાણ અમુક દિવસ પછીજ કલકત્તે પહોંચવાનું. પુરૂષાર્થનું સામર્થ્ય હોય તો જે ક્ષણે ઉદ્યમ થાય તેજ ક્ષણે તેનું ફળ મળવું જોઇએ, પણ તેમ કાંઈ બનતું નથી. સ્વભાવ પણ કાળ વિના અર્થસાધક થતો નથી. કેરીના ગોટલામાં મોટા ઝાડ રૂપ બનવાનો અને બીજી હજારો કેરીઓ નિપજાવવાનો સ્વભાવ છે; લ્યો સ્વભાવવાદીના હાથમાં આ કેરીનો ગોટલો આપું, તે મને આ ક્ષણેજ તેમાંથી મોટું ઝાડ બનાવી બીજી કેરીઓ ઉપજાવી ચખાડી શકશે? જો તેને પુરૂષાર્થની મદદ જોઇતી હોય તો તે પણ આપો. ભલે તે પુરૂષાર્થી ગોટલાને સારી જમીનમાં વાવી, ખાતર નાખી, ઉછેરવાનો પરિશ્રમ લેવાની મદદ આપે, અને પ્રારબ્ધની મદદ જોઈતી હોય તો, જેના પ્રારબ્ધમાં કેરીનાં ફળો ખાવાનું સૌભાગ્ય હોય, તેવા એક માણસને તે બધું સોંપી દઇએ; તોપણ શું ગોટલાના સ્વભાવનું ફળ આજ ને આજ મળી શકશે? હું કહું છું કે કાળની મદદ વિના કદી નહિ મળી શકે; માટે સ્વીકારો કે કાળને બળેજ સર્વ કાર્ય સિદ્ધ થાય છે. ખરેખર, કાળની મર્યાદા અનુલ્લંઘનીય છે. ઉન્હાળામાંજ સૂર્ય તપે છે,

શિયાળામાંજ ઠંડી પડે છે, ચોમાસામાંજ વરસાદ વરસી ધાન્ય પાકે છે, વસંત ઋતુમાંજ વૃક્ષો નવપલ્લવ થઇ ફળે ફૂલે છે, પ્રાતઃકાળેજ કમળ ખીલે છે અને સાયંકાળેજ સંકુચિત થઈ જાય છે, યુવાવસ્થામાંજ માણસને દાઢી-મૂછો આવે છે, યુવતીજ ગર્ભ ધારણ કરે છે, વય પરિપકવ થતાંજ વિજ્ઞાન આવે છે અને બળ વધે છે. એ સર્વ, કાળની મર્યાદાનેજ માન આપે છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ પણ કાળની મર્યાદામાંજ થાય છે. કર્મભૂમિ, અકર્મભૂમિ, આયુષ્ય, બળ, સંઘયણની હાનિ-વૃદ્ધિ પણ કાળે કરીનેજ થાય છે. એ કાળની કેટલી બધી ચોક્કસ નિયમિત સત્તા છે! ખરૂં જ કહ્યું છે કે:—

कालः सृजति भूतानि, कालः संहरते प्रजाः ।
कालः सुप्तेषु जागर्ति, कालो हि दुरतिक्रमः ॥

કાળજ ભૂતો (જીવો)ને પેદા કરે છે; અને તેજ ઉત્પન્ન થયેલનો સંહાર કરે છે. સવ ઉંઘતા હોય છે ત્યારે કાળ સર્વદા જાગૃત રહે છે. તેની મર્યાદા કોઇથી ઉલ્લંઘી શકાય તેમ નથી.

દરેક વસ્તુને ઉત્પન્ન કરનાર, ટકાવી રાખનાર, સંહાર કરનાર, સંયોગનો વિયોગ અને વિયોગનો સંયોગ કરનાર પણ કાળ છે, પારમાણુને દ્વયણુક રૂપે બનાવનાર અને દ્વયણુકમાંથી પરમાણુને છૂટો પાડનાર પણ કાળ જ છે; કેમકે પરમાણુ, દ્વયણુક આદિ અનંતાનંત સ્કંધો સ્થિતિ આધીન રહે છે; અને સ્થિતિ તે કાળજ છે. માટે જડ-ચેતન સર્વ વસ્તુ ઉપર કાળનું સામ્રાજ્ય ચાલે છે. કર્મને ઉદયમાં લાવનાર અને અમુક વખત સુધી કર્મનાં ફળ ચખાડી તેથી મુક્ત કરનાર પણ કાળજ છે. **ભવસ્થિતિ પાકયા વગર** મોક્ષ પણ પ્રાપ્ત થતો નથી. તે કાળ સ્વરૂપ હું પોતેજ છું.

મહાભારતમાં પણ ઠીકજ કહ્યું છે કે:—

यथा वायुस्तृणाग्राणि, संवर्तयति सर्वशः ।
तथा कालवशं यान्ति, भूतानि भरतर्षभ ॥
म. भा. स्त्री. प. अ० २, ८.

અર્થ—જેવી રીતે વાયુ તૃણોના અગ્રભાગને સર્વ તરફથી ઘસડીને એકત્ર કરે છે, તેવી રીતે હે ભરતશ્રેષ્ઠ ! સર્વ ભૂતો કાળને આધીન બને છે.

नाहं कर्ता न चैव त्वं, नान्यः कर्ता शचीपते ।
पर्यायेण हि भुज्यन्ते, लोकाः शक्र! यदृच्छया ॥
म. भा. शां. प. अ० २२४, ४९.

અર્થ–બલિરાજા ઈન્દ્રને કહે છે કે—હે ઈન્દ્ર ! હું કર્તા નથી, તું કર્તા નથી, તેમ અન્ય પણ કોઈ કર્તા નથી. હે શક્ર ! સર્વ પદાર્થો કાળક્રમથી યદચ્છા–અકસ્માત્‌થી ભોગવાય છે.

कालः सर्वं समादत्ते, कालः सर्वं प्रयच्छति ।
कालेन विहितं सर्वं, मा कृथाः शक्र पौरुषम् ॥
म. भा. शां. प. अ० २२४, २९.

અર્થ–બલિ અને ઇંદ્રના સંવાદમાં બલિ કહે છે કે—કાળ સૌનો સંહાર કરનાર છે, કાળજ બધુંયે આપે છે તથા કાળદ્વારાજ બધુંય થાય છે. માટે હે ઇન્દ્ર ! વ્યર્થ પુરૂષાર્થ કર નહિ.

આ રીતે જગતમાં કાળની પ્રધાનતા હોવાથી પંડિતજીએ મને પહેલા નંબર તરીકે ઓળખાવ્યો છે તે વાસ્તવિકજ કર્યું છે, કારણકે હું પાંચેમાં મુખ્ય છું. માટેજ મારો સિદ્ધાંત પ્રબળ છે, એમ આપ સ્વીકારશો એવી આશા સાથે હું વિરમું છું.

પ્રધાન—બોલો સ્વભાવચંદ્ર ! જાહેર કરો હવે તમારા સ્વભાવનું સામર્થ્ય. કાળ, પ્રારબ્ધ અને પુરૂષાર્થથી કાર્યસિદ્ધિ થઈ જાય છે તો પછી વચ્ચે તમારે ઘુસી જવાની શું જરૂર પડી ?

સ્વભાવચંદ્ર—અરે સાહેબ! આપ આ શું વદો છો? કાળ, પ્રારબ્ધ, પુરૂપાર્થ તો શું પણ તેનાથીએ કોઈ સમર્થ વ્યક્તિ આવે તોપણ શું મારી અનુકૂળતા સિવાય કાંઈ કાર્ય થઈ શકવાનું છે? કોઈ દિવસ નહિ. કેરીના ગોટલામાં કે વડના બીજમાં ઉગવાનો, અંકુર થવાનો કે ઝાડ રૂપ બનવાનો **સ્વભાવ** છે તો જ માળીનો પુરૂપાર્થ કામ આવે છે; તો જ બગીચાના માલેકનાં શુભ પ્રારબ્ધ શુભ ફળ આપે છે; અને તો જ કાળને બળે અંકુર ઝાડ વગેરે બની શકે છે. કાળ, પ્રારબ્ધ, પુરૂપાર્થ અને નિયતિને ત્યારેજ હું બહાદૂર માનીશ કે જ્યારે તેઓ મારા વગર આ કાર્યો કરે, જેવાં કે કેરીના ગોટલામાંથી લિંબડાનું ઝાડ ઉત્પન્ન કરે, શિયાળામાં ગરમી કરે અને ઉનાળામાં ઠંડી લાવે, હેમંતમાં વરસાદ વર્ષાવે, અગ્નિને શીતળ બનાવે, ઝેરને અમૃત બનાવે, શુભ કૃત્યનો બદલો દુઃખમાં આપે, દુષ્કૃત્યનો બદલો સુખમાં આપે અને સ્ત્રીને મુખે મૂછ ઉગાડે; તો તો કાળ, પ્રારબ્ધ કે પુરૂપાર્થનું સામર્થ્ય સ્વીકારવાને હું તૈયાર છું. પણ તેમ તો થઈ શકતું નથી. જે વસ્તુનો જે સ્વભાવ હોય છે તેજ કાર્ય કાળાદિકથી બની શકે છે. વસંતમાં ઝાડોનો ફળવા–ફૂલવાનો સ્વભાવ છે તો ફળે ફૂલે છે, માછલાઓને પાણીમાં તરવાનો, પક્ષીઓને આકાશમાં ઉડવાનો, માણસોનો બે પગે ચાલવાનો, સર્પોનો છાતીભર ચાલવાનો, જનાવરોનો ચાર પગે ચાલવાનો, માણસનાં બચ્ચાઓનો બાર મહિને કે બે વર્ષે બોલવા ચાલવાનો, જનાવરોનાં બચ્ચાઓનો જન્મીને તુરતજ બોલવા ચાલવાનો, પક્ષીઓનો ઇંડાંમાંથી જન્મવાનો, મનુષ્યોનો ગર્ભાશયમાંથી જન્મવાનો, વાંદરાઓનો કૂદવાનો, અન્નમાં ક્ષુધા તૃપ્ત કરવાનો અને શરીરને પોષવાનો, પાણીમાં તૃષા છિપાવવાનો, વડના ઝાડમાં ન્હાનાં ફળ આપવાનો અને તુંબીની વેલડીમાં મોટાં ફળ આપવાનો, કેરડાના વૃક્ષમાં પત્ર ન હોવાનો, લીંબડામાં કડવાશ અને શેરડીમાં મીઠાશ હોવાનો, ઝેરમાં પ્રાણ હરવાનો, મદિરામાં બેભાન કરવાનો, મિંઢળમાં ઉલટી કરાવવાનો, સુંઠમાં વાયુ હરવાનો, મીંઢી-

આવળમાં રેચ લાવવાનો સ્વભાવ છે, તો તેમાં તે કાર્ય થઇ શકે છે. સ્વભાવ વિરૂદ્ધ કોઇનાથી કંઈ બની શકતું નથી. કેટલીએક બાબતમાં **દેશસ્વભાવ** કાર્યકર થાય છે. આફ્રિકાના હબ્સીઓની ચામડી કાળી અને યુરોપના વતનીઓની ચામડી ગોરી હોય છે, એ દેશ અને જાતિસ્વભાવ છે. પુરૂષાર્થવાદી, કાળવાદી કે પ્રારબ્ધવાદીની છે સત્તા કે લાંબા વખતના પ્રયત્ને પણ હબ્સીના છોકરાની ચામડી ગોરી બનાવી દે અને યુરોપીયનોની ચામડી કાળી બનાવી આપે? જવાસીયામાં ઉનાળા-શિયાળામાં પાંગરવાનો અને ચોમાસામાં સુકાઈ જવાનો સ્વભાવ છે; તો બીજાં તરણાં ઉગે છે અને વધે છે ત્યારે તે સુકાઈ જાય છે. શું કાળ કે પુરૂષાર્થ તેથી વિપરીત કરી શકશે? અલબત્ત, કાળમાં ફેરફાર થાય છે, પણ સ્વભાવમાં તો ફેરફાર નહિજ થાય. જુઓ, સૂરતથી મુંબઇનો પંથ કાપતાં અગાઉ અમુક દિવસો લાગતા હતા; રેલ્વેનું સાધન થતાં હમણાં પાંચ કે સાત કલાકમાં તે પંથ કપાય છે. મુંબઇથી કલકત્તે સંદેશો પહોંચાડતાં અગાઉ અમુક મહીના લાગતા, તારનું સાધન થતાં હમણાં અમુક મિનિટમાં કલકત્તે સંદેશો પહોંચી જાય છે. સીધી રીતે આંબાના ઝાડમાં અમુક વર્ષે ફળ આવે છે, પણ કલમ કરવાથી તેજ વર્ષે ફળ આવે છે. અમુક દવાને યોગે જુવાનીમાં પણ માથાના વાળ સફેદ બની જાય છે અને અમુક દવાના યોગે ઘડપણમાં વાળ સફેદ ન થતાં કાળા ને કાળાજ રહે છે. એક બાળક સારી પેઠે સારવાર નીચે ઉછરે છે તો બીજા કરતાં તે જલ્દી બોલતાં ચાલતાં શીખે; એમ પ્રયત્નથી કાળની મર્યાદા લાંબી ટુંકી થતી આપણે જોઇએ છીએ, પણ મારી અર્થાત્ સ્વભાવની મર્યાદાનું ઉલ્લંઘન થતું કોઇએ જોયું છે? ગમે તે દેશમાં જઈ ગમે તે પ્રયત્ન કરો, પણ હાઇડ્રોજનના બે પરમાણુઓ અને ઑકસીજનના એક પરમાણુને યોગે પાણી બનવાનો સ્વભાવ છે, તો તેને યોગેજ પાણી બનવાનું. પરમાણુનો અગુરૂલઘુ અને અનંત પ્રદેશી સ્કંધનો જે ગુરૂલઘુ થવાનો

સ્વભાવ છે, તે અનંત પ્રદેશી સ્કંધ થયેજ ગુરૂલઘુ ગુણ જણાવાનો; પરમાણુ, દ્વિપ્રદેશી આદિ સ્કંધોમાં કદી પણ ગુરૂલઘુ ગુણ નહિ જણાય. આ રીતે જગતમાં સ્વભાવનીજ પ્રધાનતા હોવાથી કહ્યું છે કે:—

धातवः पञ्चभूतेषु, खं वायुर्ज्योतिषो धरा।
ते स्वभावेन तिष्ठन्ति, वियुज्यन्ते स्वभावतः॥
म. भा. शां. प. अ० २१९, ७.

અર્થ—પાંચ ભૂત-પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ, એ બધાં સ્વભાવથી મળે છે અને સ્વભાવથી જૂદાં પડે છે.

स्वभावात्संप्रवर्तन्ते, निवर्तन्ते तथैव च।
सर्वे भावास्तथाऽभावाः, पुरुषार्थो न विद्यते॥
म. भा. शां. प. अ० २२२, १६

અર્થ—સ્વભાવથીજ સર્વ ભાવ અને અભાવ પદાર્થો પ્રવૃત્ત થાય છે અને નિવૃત્ત બને છે. પુરૂષાર્થની કંઈ જરૂરીઆત નથી.

यस्तु कर्तारमात्मानं, मन्यते साध्वसाधु वा।
तस्य दोषवती प्रज्ञा, अतत्त्वज्ञेति मे मतिः॥
म. भा. शां. प. अ० २२२, १७.

અર્થ—જે માણસ સાધુ કે અસાધુ હોય, પણ આત્માને જ કર્તા માને છે અર્થાત્ સ્વભાવ વિના પુરૂષાર્થથી જ બધું થાય છે એમ માને છે, તેની પ્રજ્ઞા તત્ત્વને ન સમજનારી હોઈને દોષવાળી છે એમ મારૂં મન્તવ્ય છે.

यदि स्यात्पुरुषः कर्ता, शक्रात्मश्रेयसे ध्रुवम्।
आरम्भास्तस्य सिद्ध्येयु-र्न तु जातु पराभवेत्॥
म. भा. शां. प. अ० २२२, १८.

અર્થ—હે શક્ર! આત્મશ્રેય માટે જો પુરૂષ પોતેજ નિશ્ચયથી કર્તા હોય તો પુરૂષની દરેક પ્રવૃત્તિ સફળજ થાય, ક્યાંય પણ પરાભવ (નિષ્ફળતા) ન થવી જોઈએ, પણ તેમ દેખાતું નથી. તેથી સ્વભાવની જ પ્રધાનતા માનવી જોઈએ.

अनिष्टस्याभिनिर्वृत्तिमिष्टसंवृत्तिमेव च ।
अप्रयत्नेन पश्यामः केषांचित्तत्स्वभावतः ॥

म. भा. शां. प. अ० २२२, २०

અર્થ—કેટલાએકને અનિષ્ટની નિષ્પત્તિ અને ઇષ્ટની નિવૃત્તિ પ્રયત્ન વિના કેવળ સ્વભાવથીજ જોઈએ છીએ.

स्वभावप्रेरिताः सर्वे, निविशन्ते गुणा यदा ।
शुभाशुभास्तदा तत्र, कस्य किं मानकारणम् ॥

म. भा. शां. प. अ० २२२, २२.

અર્થ—સ્વભાવથીજ પ્રેરિત થઇને શુભ અશુભ આદિ સર્વ ગુણો જ્યારે પુરૂષમાં પ્રવેશ કરે છે, ત્યારે 'મેં આ કર્યું' એમ અભિમાન કરવાનું શું કારણ છે?

स्वभावादेव तत्सर्वमिति मे निश्चिता मतिः ।
आत्मप्रतिष्ठा प्रज्ञा वा, मम नास्ति ततोऽन्यथा ॥

म. भा. शां. प. अ० २२२, २३

અર્થ—સુખ દુઃખ આદિ સર્વ વિષય સ્વભાવથીજ બને છે, એમ મારો નિશ્ચય છે. આત્મ–પ્રતિષ્ટા અને પ્રજ્ઞા મારી માન્યતા પ્રમાણે સ્વભાવ સિવાય અન્ય પ્રકારે બને તેમ નથી.

स्वभावाल्लभते प्रज्ञां, शान्तिमेति स्वभावतः ।
स्वभावादेव तत्सर्वं, यत्किंचिदनुपश्यति ॥

म. भा. शां. प. अ० २२२, ३९.

અર્થ—સ્વભાવથીજ પ્રજ્ઞા અને શાંતિની પ્રાપ્તિ થાય છે, તથા જે કંઈ પદાર્થ દષ્ટિગોચર છે તે સર્વ સ્વભાવથીજ બને છે.

વધારે વિસ્તારના ભયથી હું ટુંકામાંજ જણાવીશ કે, દરેક કાર્યમાં **સ્વભાવ** એ જ મુખ્ય કારણ છે. **अनन्यथासिद्धनियतपूर्ववर्ति कारणम्** અર્થાત્ અન્યથા સિદ્ધ ન હોય અને નિયમિત રીતે કાર્યની પહેલાં વર્તમાન હોય તે 'કારણ' કહેવાય છે, એ

ન્યાયશાસ્ત્રમાં કહેલ કારણનું લક્ષણ ખરી રીતે સ્વભાવમાંજ ઘટે છે. સ્વભાવજ અનન્યથા સિદ્ધ છે. સ્વભાવ અનન્યથા સિદ્ધ હોવાના અનેક દાખલાઓ આપ્યા અને હજી પણ અનેક દાખલાઓ આપી શકું; પણ તેથી વિસ્તાર બહુ થઇ જાય, માટે આટલી સંક્ષિપ્ત દલીલથી પણ આપની વિવેકબુદ્ધિ સત્ય વસ્તુ તારવી લેશે એવા વિશ્વાસની સાથે એક શ્લોક બોલી મારૂં કથન સમાપ્ત કરીશ.

कंटकस्य च तीक्ष्णत्वं, मयूरस्य विचित्रता ।
वर्णाश्च ताम्रचूडानां, स्वभावेन भवन्ति हि ॥

અર્થાત્—કાંટાની તીક્ષ્ણતા, મોરનાં પીંછાંની વિચિત્રતા, કુકડાના રંગ બેરંગી વર્ણો, એ બધું તે તે જાતિના **સ્વભાવથી** જ બને છે. જો તેમાં તે સ્વભાવ ન હોય તો શું કોઈ સુતાર કે ચિતારાના પુરૂષાર્થનું સામર્થ્ય છે કે કાંટાની અણી અને મોરનાં પીંછાંની વિચિત્ર રચના તેનાથી બની શકે?

કર્મચંદ—નામદાર મહારાજાધિરાજ અને સભ્ય જનો! સ્વભાવચંદ્રનાં વચનો અભિમાનભર્યાં છે; તેમજ બન્ધુ કાળચંદ્ર પણ ભ્રમજનક આત્મશ્લાઘા સિવાય બીજું કાંઇ રજુ કરી શક્યા નથી. ખરી વાત તો એ છે કે, કાળ અને સ્વભાવ બન્ને મારી પાછળ ચાલનારા છે. સ્વભાવને ઘડનાર અને કાળને નિયમિત કરનાર પણ હુંજ છું. એક ઉદરમાંથી એકજ વેળાએ બે બાળક જન્મે છે, તેમાં એક સુરૂપ અને બીજું કુરૂપ, એક બુદ્ધિમાન અને બીજું મૂર્ખ, એક મંદ અને બીજું ચાલાક, એક સુભાગી અને બીજું દુર્ભાગી બને છે, તે શું કાળ કે સ્વભાવથી? કદાપિ નહિ. જન્મકાળ બન્નેનો સમાન છે, તેમજ બંને એકજ માબાપનાં શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયાં છે, એકજ ઉદરમાં સાથે રહ્યાં છે, એક જ વાતાવરણમાં ઉછર્યાં છે, છતાં જે તફાવત નજરે જોવામાં આવે છે તેને માટે ખુલાસો મારા સિવાય કોણ આપી શકનાર છે? હું કહીશ કે એ

પરિણામ મનેજ આભારી છે. જેણે પૂર્વ ભવમાં સારાં કર્મો કર્યાં છે તેને અનુકૂળ સંયોગો પ્રાપ્ત થયા અને જેણે ખરાબ કર્મો કર્યાં તેને પ્રતિકૂળ સંયોગો મળ્યા. ખરૂંજ કહ્યું છે કેઃ—

કર્મ પ્રતાપ તુરંગ ખિલાવત, કર્મસે છત્રપતિ પન હોઈ;
કર્મસે પુત્ર સુપુત્ર કહાવત, કર્મસે ઓર બડો નહીં કોઇ.
કર્મ ફર્યો જબ રાવનકો, તબ સોનકી લંક છિનુંમેં હિ ખોઈ;
આપ બડાઈ કરો કહાં મૂરખ! કર્મ કરે સો કરે નહિ કોઈ.

એક રાજા, એક રંક; એક રોગી, એક નીરોગી; એક ધનાઢ્ય, એક દરિદ્રી; એક મ્યાનામાં બેસનાર, એક મ્યાનો ઉપાડનાર; એક હુકમ ચલાવનાર, એક હુકમ ઉઠાવનાર; એક મનની ઇચ્છા પ્રમાણે વસ્તુ મેળવનાર, એક ઇચ્છાથી વિપરીત પામનાર; એક સરદાર, એક તાબેદાર; એક દાતાર, એક કંજુસ; એક કદાવર, એક ઠીંગણો; એક બલવાન, એક દુર્બલ;—આ બધી વિચિત્રતા બતાવનાર મારા વિના બીજું કોણુ છે? એક ઉચ્ચ કુળમાં જન્મે છે, એક નીચ કુળમાં જન્મે છે; એક તીક્ષ્ણ સ્મરણશક્તિ પામે છે, એક વિસ્મરણશીલ બને છે; એક થોડી મહેનતે પરીક્ષા પસાર કરે છે, એક ઘણી મહેનતે પણ નાપાસ થાય છે; એક નાલાયકને સુભાર્યા મળે છે, એક લાયકને કુભાર્યા મળે છે; એક પાપીને સપુત મળે છે, એક ધર્મીને કપુત મળે છે; એકને અનેક પુત્રો હોય છે, એક બળવાન અપુત્ર–વાંઝીયો રહે છે; એકને વ્યાપારમાં ધાર્યા ઉપરાંત લાભ મળે છે, એકને લાભ મળવાની આશા છતાં ખોટ જાય છે; એકને સહેજે સારા નોકરો કે ભાગીદારો મળે છે, એકને ગમે તેટલી કોશીશ કરવા છતાં ખરાબજ નોકરો કે ભાગીદારો મળે છે; એક લાંબું આયુષ્ય ભોગવે છે, એક ભરજુવાનીમાં મરણ પામે છે; આ સવ ચમત્કાર કરનાર મારા સિવાય બીજો કોણુ છે? હું જેના ઉપર તુષ્યમાન હોઉં તેને દરેક ઇષ્ટ પદાર્થો મળે છે. મારી

વક્ર દૃષ્ટિ જેના પર પડે તેની પાસે જે કંઈ હોય તે પણ જતું રહે છે. રાજાને રંક બનાવનાર અને રંકને રાજા બનાવનાર પણ હુંજ છું. પ્રાણીઓને સ્વર્ગે લઈ જનાર હું છું અને નરકના ખાડામાં નાખનાર પણ હુંજ છું. ઇંદ્રિય અને પ્રાણસંપત્તિ આપનાર હું છું અને મળેલ ઇંદ્રિયશક્તિ તથા પ્રાણસંપત્તિ લૂટી લેનાર પણ હુંજ છું. એકેંદ્રિયમાંથી પંચેંદ્રિયમાં લાવનાર હું છું અને પંચેંદ્રિયમાંથી એકેન્દ્રિયમાં ફેંકી દેનાર પણ હુંજ છું. શરીરસ્વાસ્થ્ય, મનોબળ અને બુદ્ધિવિકાસ કરાવનાર હું છું અને તેને રદ કરી નાખનાર પણ હુંજ છું. મેં ઘણા ડાહ્યા માણસોને વખત પર ભૂલ થાપ ખવરાવી દીધી છે, અને મૂર્ખ માણસોનો દાવ વખત પર સીધો કરી આપ્યો છેઃ આટલું છતાં પણ મેં કોઇને અન્યાય-ગેરઇન્સાફ આપ્યો નથી. જેની જે પ્રમાણે કૃતિ હોય છે, તેને તે પ્રમાણે ફળ આપ્યું છે, આપું છું અને આપીશ.

મહાભારતનાં ૧૧મા પર્વમાં ધૃતરાષ્ટ્રને વિદુરે ઠીકજ કહ્યું છે કે

वैचित्रवीर्य ! साध्यं हि, दुःखं वा यदि वा सुखम् ।
प्राप्नुवन्तीह भूतानि, स्वकृतेनैव कर्मणा ॥

म. भा. स्त्री. प. अ० ११, १०

અર્થ—હે વિચિત્રવીર્ય ! સાધ્ય સુખ અને દુઃખ પ્રાણીએ પોતાનાં કરેલ કર્મથીજ આ સંસારમાં પ્રાપ્ત કરે છે.

कर्मणा प्राप्यते स्वर्गः सुखं दुःखं च भारत ।
ततो वहति तं भारमवशः स्ववशोऽपि वा ॥

म. भा. स्त्री. प. अ० ११, ११

અર્થ—હે ભારત ! કર્મથીજ પ્રાણી સ્વર્ગ, સુખ અને દુઃખ પામે છે, અને એ ભારને સ્વવશ કે પરાધીનપણે ભોગવે છે.

यथा तु सलिलं राजन्, क्रीडार्थमनुसन्तरन् ।
उन्मज्जेच्च निमज्जेच्च, किञ्चित्सत्त्वं नराधिप ॥

एवं संसारे गहने उन्मज्जननिमज्जने ।
कर्मभोगेन बध्यन्ते क्लिश्यन्ते चाल्पबुद्धयः ॥

म. भा. स्त्री. प. अ० ११, १७–१८

અર્થ—હે રાજન્! જેમ જળક્રીડા કરતો માણસ પાણીની નીચે જાય છે અને ઉપર તરે છે, એવી રીતે સંસારસાગરમાં પ્રાણીઓનું ડૂબવું અને ઉપર આવવું બન્યા કરે છે. અલ્પમતિ જીવો કર્મોના ભોગથીજ બંધાય છે અને દુઃખી થાય છે.

शयानं चानुशेते हि, तिष्ठन्तं चानुतिष्ठति ।
अनुधावति धावन्तं, कर्म पूर्वकृतं नरम् ॥

म. भा. स्त्री. प. अ० २, ३३

અર્થ—પૂર્વકૃત કર્મ કરનાર માણસની પાછળ પાછળ ફરે છે. માણસ સૂઈ જાય તો તેની પાછળ કર્મ સૂએ છે, માણસ ઉભો રહે તો કર્મ પણ તેની પાછળ ઉભે છે, માણસ દોડે છે તો કર્મ પણ તેની પાછળ પાછળ દોડે છે.

यस्यां यस्यामवस्थायां, यत्करोति शुभाशुभम् ।
तस्यां तस्यामवस्थायां, तत्फलं समुपाश्नुते ॥

म. भा. स्त्री. प. अ० २, ३४

અર્થ—શુભ કે અશુભ કર્મ જે જે અવસ્થામાં માણસ કરે છે તે તે અવસ્થામાં તે કર્મનું ફળ માણસ ભોગવે છે.

येन येन शरीरेण, यद्यत्कर्म करोति यः ।
तेन तेन शरीरेण, तत्फलं समुपाश्नुते ॥

म. भा. स्त्री. प. अ० २, ३५

અર્થ—માણસ જે જે શરીરથી જે જે કર્મ કરે છે, તે તે શરીરથી તે તે કર્મનું ફળ ભોગવે છે.

शुभेन कर्मणा सौख्यं, दुःखं पापेन कर्मणा ।
कृतं भवति सर्वत्र, नाकृतं विद्यते क्वचित् ॥

म. भा. स्त्री. प. अ० २, ३७

અર્થ—શુભ કર્મથી સુખ અને પાપ (અશુભ) કર્મથી દુઃખ મળે છે. સર્વત્ર કર્મ કર્યું જ થાય છે, અકૃત કર્મ ક્યાંય પણ થતું નથી.

માટેજ હું છાતી ઠોકીને કહું છું કે મને છેતરવાની શક્તિ કોઇમાં નથી. મારા કરજદારોને લાખ કે કરોડ વર્ષે પણ હું ભૂલનાર નથી, અને બદલો આપ્યા વિના રહેનાર નથી. સાંભળો—

नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥

અર્થ—કરોડો કલ્પ વીત્યા છતાં પણ કર્મનું કરજ આપ્યા વિના છુટકબારો થવાનો નથી. શુભ યા અશુભ જે પ્રકારનાં કર્મો કર્યાં છે તે પ્રકારે અવશ્ય ભોગવવાં પડશેજ. કર્મનું કરજ કદી પણ નહિ ભૂંસાય. રાજ્યાસન બદલાશે, જમાનો બદલી જશે, રીતિરીવાજો ફરી જશે, યોનિ અને જાતિનું પરિવર્તન થઈ જશે, તોપણ હું મારા દેણદારોને ગમે ત્યાંથી શોધી લઈ લેણું વસુલ કરવાનોજ. અમલદાર, દિવાન, રાવબહાદુર, બેરોનેટ, રાજા, બાદશાહ, શહેનશાહ, ચક્રવર્તી કે ઇંદ્ર મહેન્દ્રની શરમ હું નહિ રાખું, કોઈની પણ રહેમાં હું દબાઉં તેમ નથી, હું સ્વતંત્ર છું.

પુરૂષાર્થસિંહ--એ કર્મવાદી કર્મચંદ્ર! હવે બસ કર, બસ કર, ઘણું થયું. તારી આટલી બધી આપબડાઇ મારાથી કે બીજા કોઇથી સાંભળી શકાતી નથી. તને હદ ઓળંગી ગયેલો જોઇ મારૂં લોહી તપી જાય છે. આજે ભાંગ પીધી છે કે સન્નિપાત થઇ આવ્યો છે કે થયું છે શું? એક દિશા લઇને ચાલ્યોજ જાય છે, બોલ્યેજ જાય છે; કોઇને દેખતો યે નથી! જરા મારા સામે નજર કર અને કહે કે તને ઉત્પન્ન કરનાર કોણ છે? તારૂં સામર્થ્ય વધારનાર કોણ છે? તને ઉદયમાં લાવનાર કોણ છે? કેમ, બધાને ભૂલી ગયો કે શું? અરે ઉદ્ધત! શું તારી નજર આગળ ઉભેલા તારા બાપને પણ તું પિછા-

નતો નથી ? મેં તને ઉત્પન્ન કર્યો, મેં તારો સંચય કર્યો, મેં જ તારૂં શુભ કે અશુભ બળ વધાર્યું; હું તને ઉદયમાં લાવું છું અને ફળાભિમુખ કરૂં છું ત્યારેજ તું અને તારો સ્વભાવ બન્ને મળીને તમો પ્રાણીઓને શુભાશુભ ફળ ચખાડો છો. તેમાં પણ મારા મનમાં આવે તો હું ઉલટપાલટ કરી શકું છું એટલે કે શુભનું અશુભ અને અશુભનું શુભ કરી શકું છું. તું મારો તાબેદાર છે, હું તારો સરદાર છું. તારી પહેલાં હું હતો અને પછી પણ કાયમ રહીશ, એટલુંજ નહિ પણ જ્યાં તારી ગતિ નથી–તારી શક્તિ નથી, ત્યાં પણ હું મારૂં પરાક્રમ ચલાવું છું. સંસારમાં પરિભ્રમણ કરાવવામાં તારૂં ગાડું ચાલે છે, પણ મનુષ્યોને સંસારથી મુક્ત કરાવવામાં તારૂં કંઈ સામર્થ્ય છે કે ? ત્યાં તો માત્ર મારીજ સત્તા ચાલે છે, અને તે પણ તારો ધ્વંસ કરવાને માટેજ. જો તેમાં મારૂં બળ બરાબર જામે છે તો તારો સદંતર–સમૂળગો નાશ કરીને મનુષ્યોને મોક્ષનાં સુખો હું આપી શકું છું, પૂર્ણજ્ઞાન હું પ્રગટાવી શકું છું, અને તારે ત્યાંથી ઉચાળા ભરીને ભાગતુંજ પડે છે; ત્યાં તારો બીજો કંઈ પણ ઉપાય નથી. હું શું વધારે કહું ? તું મારી પાસે તદ્દન નાદાન છે.

સદ્‌ગૃહસ્થો ! આ ધૂર્ત કર્મના તંત્રમાં ફસાશો અને તેના એકપક્ષી કથન ઉપર આધાર રાખી બેસી રહેશો તો તમો ફળથી વંચિત થશો, છતે ભાગ્યે દુર્ભાગી બનશો અને તેમ થતાં દુષ્ટ પ્રમાદ તમને પકડી પાડશે, અને આલસ્ય પોતાનો અમલ તમારા ઉપર ચલાવી તમારા પગ ભાંગી નાંખશે. પૂર્વના સારા ઉદ્યોગથી કદાચ સારાં કર્મો સંચિત કર્યા હશે, તોપણ યાદ રાખજો કે, વર્તમાનના સદુદ્યોગ વગર અને સારા સંયોગો મેળવવાની કોશીશ કર્યા વગર સંચિતમાં રહેલાં શુભ કર્મો પણ ફળાભિમુખ થઇ ઇષ્ટ ફળ નહિ આપી શકે. વહાણુ ચલાવવાની સુકાન વગેરે સર્વ સામગ્રીઓ છતાં પણ એક ચાલાક ખલાસી વિના જેમ તે આમતેમ ભટકયા કરે છે, વરાળ વગેરેની

પૂર્ણતા હોવા છતાં એક ડ્રાઈવર વિના જેમ એંજીન ધારેલી દિશા કે સ્થાને પહોંચી શકતું નથી, તેમ શુભ કર્મોનો જથ્થો તૈયાર હોવા છતાં પણ એક યોજક–**પુરૂષાર્થ** વિના તેની ઘટતી રીતે યોજના થઈ શકતી નથી. રોટલી થાળીમાં પડેલી હોય, પણ હાથ દબાવ્યા વિના મુખમાં પડતી નથી. મુખમાં લીધેલ કોળીઓ ચાવ્યા વગર એક રસ થતો નથી, અને એક રસ થઈ પેટમાં પડેલું ભોજન પણ પ્રયત્ન વિના પચીને પોષણ આપતું નથી. નસીબ કે કર્મ ઉપર આધાર રાખી બેઠેલા સો માણસોના મુખમાં કર્મ કેટલાને કોળીયા ભરાવે છે અને કેટલાને તૃપ્ત કરે છે? બુદ્ધિ ગમે તેટલી તીક્ષ્ણ હોય, પણ ઉદ્યમ વગર વિદ્યાર્થી કદિ પણ પરીક્ષા પસાર કરી શકશે નહિ. થોડી બુદ્ધિવાળો વિદ્યાર્થી પણ પુરૂષાર્થ–ઉદ્યમના બળથી, તીક્ષ્ણ બુદ્ધિવાળા નિરૂદ્યમીને હઠાવી આગળ વધી જાય છે. ઉદ્યોગથીજ માણસ અનેક ભાષાઓનું જ્ઞાન મેળવી શાસ્ત્રવેત્તા થઈ શકે છે. ઉદ્યોગથીજ નવા નવા તર્કો, કલ્પનાઓ, સંવાદો, નિબંધો, ગ્રંથો કરી શકાય છે. ઉદ્યોગથીજ હુન્નરકળામાં પ્રવીણતા મેળવી શકાય છે. ઉદ્યમથીજ દેશ દેશાંતરોનો અનુભવ મેળવી વ્યાપાર–હુન્નરની ખીલવણી કરી દ્રવ્ય ઉપાર્જન કરી શકાય છે. સતત ઉદ્યમી માણસોએજ ટેલીગ્રાફ, વાયરલેસ ટેલીગ્રાફ (દોરડા વગરના તાર), ફોનોગ્રાફ, રેલ્વે, મોટર ગાડી, બલુન–વિમાન, વિવિધ હથીઆરો, અને વિવિધ કારખાનાંઓની શોધો કરી છે. તેઓ જો કર્મ ઉપર આધાર રાખી બેસી રહ્યા હોત તો કદી પણ કેવળ કર્મની સહાયતાથી ઉક્ત ફળ મેળવી શકત ખરા કે? ખરૂંજ કહ્યું છે કે '**उद्यमे नास्तिदारिद्र्यं**' અર્થાત્ ઉદ્યમ હોય છે, ત્યાં દરિદ્રતા રહેતી નથી. ભર્તૃહરિ કહે છે કે, ઉદ્યોગની સાથેજ લક્ષ્મીનો મેળાપ છે.

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी–
दैवं प्रधानमिति कापुरुषा वदन्ति ।

दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
यत्ने कृते यदि न सिद्धयति कोऽत्र दोषः ॥

સિંહના જેવા પરાક્રમી માણસનેજ લક્ષ્મી–આ લોક તથા પરલોકની સંપત્તિ–પ્રાપ્ત થાય છે. દૈવ આપશે ત્યારેજ મળશે, એમ તો કાયર–આળસુ માણસોજ બાલે છે. હે ભાઈ! જેટલી તારામાં શક્તિ હોય તે પ્રમાણે દૈવની સામે થઈ પુરૂષાર્થ કર. પુરૂષાર્થ કરવાથી અવશ્ય સિદ્ધિ મળશે. કદાચ કોઇ વખતે પુરૂષાર્થનું ફળ ન મળે તો તેમાં હજી ખામી છે એમ સમજી તે ખામીઓ દૂર કરી બીજી વાર–ત્રીજી વાર પણ પ્રયત્ન કરીશ તો ફળ મળશે. ઉદ્યમી એક માણસ અનેક માણસોની સહાય મેળવી વિજય પ્રાપ્ત કરે છે; ત્યારે અનુદ્યમી સેનાપતિ અનેક માણસોનો અધિપતિ હોવા છતાં પરાજય પામે છે. રામચંદ્રજીનો દાખલો લ્યો. સીતાજીનું અપહરણ થતાં રામચંદ્રજી અને લક્ષ્મણજી બે ભાઈ લશ્કરની સહાય અને સાધન વગરના હતા તથાપિ સતત ઉદ્યમથી તેઓ શું શું કરી શક્યા હતા તે એક સુભાષિતકારના પદ્યથી સંભળાવું છું:

विजेतव्या लंका चरणतरणीयो जलनिधि-
र्विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ।
तथाप्येको रामः सकलमजयद् राक्षसकुलं
क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे ॥३॥

સીતાજીની શોધ કરતાં જ્યારે પતો લાગ્યો કે સીતાજીને રાવણ લંકામાં ઉપાડી ગયો છે, ત્યારે રામચંદ્રજીને કેટલી મુશ્કેલીએ ત્યાં પહોંચવાનું હતું ? પ્રથમ તો લંકાદ્વીપ સમુદ્રની પેલી પાર આવેલો છે. સમુદ્ર ઉલ્લંઘીને ત્યાં જવાનું હતું. સમુદ્ર ઉલ્લંઘવાને પણ પોતાની પાસે નાવ કે વહાણ જેવું કંઈ સાધન ન હતું, કિન્તુ ભુજાથી સમુદ્ર તરવાનો હતો. ત્યાં જઇને પણ લડાઇ કરવાની હતી. તે પણ જેવા તેવાની સાથે નહિ પણ પૌલસ્ત્ય જેવા એક જબરદસ્ત રાક્ષસની

સાથે લડાઈમાં ઉતરવાનું હતું. તેમાં પણ લશ્કરનું બળ હોય તોએ પહોંચી શકાય, પણ આ તો તે પણ નહિ. લશ્કરમાં માત્ર વાંદરાઓ-ની સહાયતા! આટઆટલી પ્રતિકૂળતા છતાં પણ રામચંદ્રજી અને લક્ષ્મણજીમાં હિંમ્મત અને સત્ત્વ હતું તો પોતાના બળ ઉપર ઝૂઝી સકળ કાર્ય સિદ્ધ કર્યું. લંકાએ પહોંચ્યા, દુશ્મનને માર્યા અને સીતાજી સાથે લંકાનું રાજ્ય પણ મેળવ્યું. આ બધું શા વડે બન્યું? બીજાના ઉપર આધાર રાખી કે બીજાની રાહ જોઈ બેસી રહેવાથી નહિ, પણ પોતાના ઉપર વિશ્વાસ રાખી પ્રયત્ન–પુરૂપાર્થ કરવાથીજ.

પ્રધાનજી! હું મારા હરીફોને હલકા પાડવા કે મારી બડાઈ કરવા ગર્વથી વધારે પડતું બોલું છું એમ કદાચ આપને લાગતું હશે, પણ વસ્તુતઃ તેમ નથી. હું માર્ સામર્થ્ય છે તેટલુંજ બોલું છું. તે પણ મારી કપોલકલ્પનાથી નહિ, પણ શાસ્ત્રાધારપૂર્વક બોલું છું. જૈનના તીર્થંકર શ્રી મહાવીર સ્વામી કે જે સર્વત્ર સમદષ્ટિ રાખનારા, યથાર્થવાદી, વીતરાગ પુરૂપ હતા તેમણે નિષ્પક્ષપાતપણે મારી સત્તા જ સ્વીકારી છે, તે હું બતાવી આપીશ.

(૧) ઉપાસક દશા સૂત્રના છટ્ઠા અધ્યયનમાં કુંડકોલિક શ્રાવક અને એક દેવતાનો સંવાદ ચાલ્યો છે. દેવતાએ કુંડકોલિકને કહ્યું કે, સર્વ પદાર્થો ભાવીભાવ હોય તેમ બને છે, આપણું કર્યું કંઈ થતું નથી, એવો જે ગોશાલાનો સિદ્ધાંત છે તે ઠીક લાગે છે. ઉત્થાન–કર્મ–બલ–વીર્ય–પુરૂષાકાર પરાક્રમથી કાર્ય થાય એમ જે મહાવીર સ્વામીનો મત છે તે બરાબર ઠીક લાગતો નથી. આ સાંભળી કુંડકોલિક બોલ્યો કે, હે દેવ! જો સર્વ પદાર્થો નિયતિથી થતા હોય તો તને જે આ રિદ્ધિ, સંપદા, દિવ્ય શક્તિ વગેરે મળ્યું છે તે વગરપુરુષાર્થે મળ્યું છે કે? જો તેમ હોય તો જેઓ શુભ કૃત્ય રૂપ પુરૂષાર્થ કરતા નથી તે સર્વેને દિવ્ય શક્તિ, દિવ્ય રિદ્ધિ મળવી જોઈતી હતી, પણ તેમ તો કાંઈ દેખાતું નથી; માટે પુરુષાર્થ માન્યા

સિવાય ચાલવાનું નથી. આ વચનથી તે દેવ નિરૂત્તર થઈ પરાજય પામ્યો. ત્યારપછી કુંડકોલિક શ્રાવક જ્યારે શ્રી મહાવીર પ્રભુના દર્શન કરવાને ગયો ત્યારે મહાવીર સ્વામીએ સાધુ સાધ્વીઓની સમક્ષ કુંડકોલિક શ્રાવકે જે પુરૂષાર્થનો સિદ્ધાંત દેવતાને સમજાવ્યો હતો તેને માટે ઘણો સંતોષ જાહેર કર્યો અને તેની પ્રશંસા કરી.

(૨) પુરૂષાર્થનો વધારે ઉંડો પાયો નાંખવાને પુનઃ ઉપાસકદશા સૂત્રના સાતમા અધ્યયનમાં શ્રીમન્મહાવીરે પુરૂષાર્થનોજ પ્રસ્તાવ દર્શાવ્યો છે. ગોશાલાનો અનુયાયી શકડાલ કુંભાર કે જે નિયતિ (ભાવીભાવ) ને માનનારો હતો, તેને શ્રીમન્મહાવીરે એકદા પૂછ્યું કે, હે શકડાલ! આ વાસણો કે જે તારી દુકાનમાં પડ્યાં છે તે શી રીતે બન્યાં છે? શકડાલે તેનું વર્ણન કર્યું કે પ્રથમ માટી હતી, તેનો ભુકો કર્યો...વગેરે, વગેરે. પુનઃ શ્રીમન્મહાવીરે પૂછ્યું કે, તે વાસણો તારા પુરુષાર્થથી બન્યાં કે વિનાપુરૂપાર્થે? શકડાલે કહ્યું કે સર્વે પદાર્થો નિયતિ આધીન છે; બનવાનાં હતાં તે બન્યાં. શ્રીમન્મહાવીરે કહ્યું કે, જો એમજ છે તો પછી કોઈ માણસ તારાં વાસણો લાકડીથી ફોડી નાંખે તેના પ્રત્ય તું રોષ કરે ખરો કે? શકડાલે કહ્યું, કેમ નહિ? તેણે વાસણો ફોડી નુકસાન કર્યું તો રોષ તો થાયજ. મહાવીરે કહ્યું, તારા મત પ્રમાણે તેમ કરવું ઘટે નહિ, કેમકે તે વાસણો કુટવાનાં હતાં તે કુટ્યાં, નિયતિવશે કુટ્યાં, તો ફોડનારનો શો દોષ? શકડાલ બોલ્યોઃ તે માણસે લાકડીથી ફોડી નાખ્યાં માટે તેણે ગુન્હો કર્યો. શ્રીમન્મહાવીરે કહ્યુંઃ ત્યારે તો પુરૂષાર્થની સિદ્ધિ થઈ ચુકી! જો તે માણસે લાકડી મારી તો વાસણો કુટ્યાં; લાકડી મારી ન હોત તો ન કુટત. માટે હે શકડાલ! તું માન કે ઉત્થાન*–કર્મ, બલ, વીર્ય, પુરૂષાકાર પરાક્રમ

* ઉત્થાન–કોઇ પણ કાર્ય કરવાને ઉદ્યત થવું તે. કર્મ–ઉત્ક્ષેપણ અપક્ષેપણ આદિ ક્રિયા. બલ–શરીરનું સામર્થ્ય. વીર્ય–જીવનું સામર્થ્ય. પુરૂષાકાર–મનુષ્યનો તેવો પ્રયત્ન. પરાક્રમ–જે પ્રયત્ને ફલ સિદ્ધ કર્યું તે.

અને આપણે કરવા ધારીએ તો થઈ શકે છે. મહાવીર સ્વામીનો ા સિદ્ધાંત શકદાલને ઠીક લાગ્યો અને તેણે તે સ્વીકાર્યો. ત્યારથી ાદાલ શ્રીમ-મહાવીરનો પરમભક્ત બન્યો.

(૩) ભગવતી સૂત્રના પ્રથમ શતકના તૃતીય ઉદ્દેશામાં પણ ર્મો ઉદય, ઉપશમ, ઉદ્દીરણા પ્રભૃતિ આપણું કર્યું થાય છે એમ ણાવીને ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરૂષાર્થની સ્થાપના કરી છે. ટલુંજ નહિ, મહાભારતમાં પણ મારી ઉપયોગિતા સિદ્ધ કરવામાં ાવી છે. જુઓ—

तत्रालसा मनुष्याणां, ये भवन्त्यमनस्विनः ।
उत्थानं ते विगर्हन्ति, प्राज्ञानां तन्न रोचते ॥

म. भा. सौ. प. अ० २, १२

અર્થ—મનુષ્ય સમાજમાં જેઓ અમનસ્વી અને આળસુ છે ેઓ પુરુષાર્થનો તિરસ્કાર કરે છે પણ તે વાત પ્રાજ્ઞ પુરુષોને ચતી નથી.

शक्नोति जीवितुं दक्षो, नालसः सुखमेधते ।
दृश्यन्ते जीवलोकेस्मिन्, दक्षाः प्रायो हितैषिणः ॥

म. भा. सौ. प. अ० २, १५

અર્થ—ચતુર માણસજ જીવવાને શક્તિમાન છે. આળસુ માણસ ખ વધારી શકતો નથી. આ જીવલોકમાં દક્ષ પુરૂષોજ પ્રાયે સ્વ ાને પરનું હિત કરનાર દેખાય છે.

यदि दक्षः समारम्भात्, कर्मणो नाश्नुते फलम् ।
नास्य वाच्यं भवेत्किंचि-ल्लब्धव्यं वाऽधिगच्छति ॥

म. भा. सौ. प. अ० २, १६

અર્થ—પુરૂષાર્થી માણસ કામના આરંભથી કદાચ ફલ ન ળવી શકે તોપણ તેને કહેવાપણું કંઈ રહેતું નથી, યા તેને બિલ્કુલ ફસોસ થતો નથી, અથવા મળવાની વસ્તુ તેને મળી જાય છે.

પ્રધાનજી ! એમ અનેક સ્થળે ધર્મશાસ્ત્રોમાં પણ મારો સિદ્ધાંત સિદ્ધ થયેલ છે. વિસ્તારના ભયથી વધારે લંબાવતો નથી. મારા આપેલ પ્રમાણો ઉપરથી સહજ સમજી શકાશે કે મારો પક્ષ કેટલો મજબુત છે. મને ખાત્રી છે કે આપની વિવેકબુદ્ધિ જરૂર મારા લાભમાંજ ચુકાદો અપાવશે.

નિયતિવિજય—ઓ પુરૂષાર્થવાદી ! તું તારો કક્કો ક્યાંસુધી ઘુંટયા કરીશ? કર્મને ઘડનાર તું છે તેનો આટલો બધો અહંકાર તને આવી ગયો છે? વધારે અભિમાન ન કર. "**बहुरत्ना वसुन्धरा**" છે. શેરને માથે સવાશેર પણ મળી જાય છે. તું જરી મારી તરફ તો જો ! મારી શકિતનો તો વિચાર કર! પછી જે બોલવું હોય તે બોલજે. જો, મારી સત્તા કેટલી ચોક્કસ છે! છે કોઈ માઈનો પૂત તેને ફેરવનાર? અરે! સાંભળ—

उदयति यदि भानुः पश्चिमायां दिशायां ।
प्रचलति यदि मेरुः शीततां याति वह्निः ॥
विकसति यदि पद्मं पर्वताग्रे शिलायां ।
तदपि न चलतीयं भाविनी कर्मरेखा ॥ १ ॥

સૂર્ય કદાચ પશ્ચિમ દિશામાં ઉગે, મેરૂ પર્વત ચલાયમાન થાય, અગ્નિ શીતળ બની જાય, પર્વતની શિલા ઉપર પદ્મ કમલ ઉગે, એટલી વસ્તુઓ ન બનવાની પણ કદાચ દૈવયોગે બની જાય, તો ભલે બને, પણ ભાવીભાવની જે કર્મરેખા તે તો કદી પણ ચલિત-અન્યથા થવાની નથી.

હે પુરુષાર્થસિંહ ! તે ભાવીભાવ હું પંડે છું. મારી રેખાને અન્યથા કરવા કોઈ શક્તિમાન નથી. માણસની ધારણા ગમે તેવી હોય, માણસનો પ્રયત્ન પણ ગમે તેવો હોય, હું તેના ઉપર આધાર ન રાખતાં સ્વતંત્રપણે મારી ધારણા પ્રમાણેજ ફળ આપું છું. એકના દેખીતા પ્રયત્નનું ફળ મારા ધાર્યા પ્રમાણેજ બીજાને પણ અપાવી

શકું. વાદીના કરંડીયામાંના સર્પ અને ઉંદર ભાઈના પ્રયત્નનું દૃષ્ટાંત તો જગપ્રસિદ્ધ છે. બિચારા ઉંદરે મેવાનો કરંડીયો માની ખાવાની આશાએ ઘડી બે ઘડી મહેનત લઈ છિદ્ર પાડયું, તો તેનું ફળ વિપરીતજ આવ્યું! ક્ષુધાતુર અને કેદ પકડાયેલા સર્પને વગરમહેનતે ભક્ષ મળ્યું અને વળી બહાર નિકળવાનો માર્ગ પણ ખુલ્લો થયો. કહે, આમાં પુરૂષાર્થ શું કામ આવ્યું? સાંભળો, મારી સત્તાને સાબીત કરનાર દૃષ્ટાંતગર્ભિત થોડાંક પદ્યો—

कान्तं वक्ति कपोतिकाऽऽकुलतया नाथान्तकालोऽधुना।
व्याधोऽधो धृतचापसज्जितशरः श्येनः परिभ्राम्यति॥
इत्थं चिन्तयतोः सदष्ट इषुणा श्येनोऽपि तेनाहत-
स्तूर्णं तौ तु यमालयं प्रति गतौ दैवी विचित्रा गतिः॥१॥

નીચેથી એક શિકારીની ઘાતક દૃષ્ટિમર્યાદામાં આવેલી અને ઉપરથી સિંચાણાના સપાટામાં સપડાયેલી એક પારેવી, પોતાના કાન્ત પારેવાને કહે છે કે: હે નાથ! હવે આપણો અંતકાલ આવ્યો છે, આ એવડા સંકટમાંથી આપણે બચવાનાં નથી; કારણકે નીચે શિકારી ધનુષ્ય પર બાણ ચડાવી ઉભો છે, ઉપર સિંચાણો આપણને પકડવા આંટા મારે છે. આમ પારેવો અને પારેવી આવી પડેલી આફતની ચિંતા કરે છે. તેટલામાં તો શિકારીના પગ પાસે એક સરપનો રાફડો હતો તેમાંથી ઝેરી સર્પ નિકળ્યો, જેણે શિકારીને પગે ડંખ માર્યો, તેની સાથેજ શિકારીનો હાથ ડગ્યો, જેથી ધનુષ્ય ઉપર ચડાવેલ બાણ પારેવા–પારેવીને ન વાગતાં ઉપર ભમતા સિંચાણાને વાગ્યું, જેથી એક તરફ શિકારી બેહોશ થઇને પડ્યો અને અને બીજી બાજુ સિંચાણો તરફડાટ કરતો પડ્યો; થોડી વારમાં બન્ને યમધામમાં પહોંચ્યાં અને પારેવો–પારેવી બચી ગયાં.

મારા વિના પુરુષાર્થની સત્તા નિરર્થક છે એમ મહાભારતમાં પણ બતાવ્યું છે. સાંભળો—

उत्थानं च मनुष्याणां, दक्षाणां दैववर्जितम्
अफलं दृश्यते लोके, सम्यगप्युपपादितम् ॥
म. भा. सौ. प. अ० २, ११

અર્થ—દક્ષ પુરુષાર્થી મનુષ્યોએ સમ્યક્ પ્રકારે કરેલ પ્રયત્ન પણ જો દૈવરહિત હોય તો લોકમાં નિષ્ફળ થયેલ દેખાય છે.

छित्त्वा जालमपास्य कूटरचनां भङ्क्त्वा बलाद्वागुरां ।
पर्यन्ताग्निशिखाकलापजटिलान्निर्गत्य दूरे वनात् ॥
व्याधानां शरगौरवादतिजवेनोत्प्लुत्य धावन्मृगः ।
कूपान्तः पतितः करोतु विमुखे किंवा विधौ पौरुषम् ॥१॥

અર્થ—એક શિકારીએ મૃગને પકડવા અનેક પ્રપંચો રચ્યા હતા. પ્રથમ તો ચારે તરફ જાળ બાંધી હતી. વચમાં ખાડા ખોદીને કૂટ રચના કરી હતી. તેને ફરતી બીજી એક જાળ બાંધી હતી. વનને છેડે છેડે આગ સળગાવી રાખી હતી; એટલા માટે કે કદાચ જાળ તોડીને ભાગે તો આગમાં બળવાથી નીચે પડે. એટલું કરીને પણ શિકારી ધનુષ્ય બાણ લઈ એક તરફ છુપી રીતે ઉભો હતો. આવી ફસામણમાં ફસાયેલો એક મૃગ પ્રબલ પુરૂષાર્થ કરી જાળને તોડી કૂટ રચનાને ઉલ્લંઘી મોટી જાળને બલવડે તોડીને અગ્નિ-જ્વાળાના સમૂહને પ્રયત્નથી પસાર કરી, વનની બહાર નીકળ્યો, ત્યાં શિકારીએ તાકી તાકીને બાણ છોડયું. તે બાણને પણ ચુકવી દઈ કુદકા મારતો મોતના પંજામાંથી છુટવાની આશા રાખતો કંઈક વિશ્રાંતિ લઈ શિકારીની દષ્ટિમર્યાદાથી બહાર પહોંચ્યો, પણ દૈવ વિમુખ હોય ત્યાં શાંતિ ક્યાંથી મળે? જાળફાંસલામાંથી આત્મરક્ષા મેળવીને પણ આખર ઘાસથી ઢંકાયેલ એક કૂવાના ઉંડા ખાડામાં તે ભયભીત પામર મૃગ પટકાઇ પડયો અને તેમાંજ તેની જીંદગીનો અંત આવ્યો. કહો, હવે પુરૂષાર્થ પણ શું કરે?

તેમજ—

कैवर्तकर्कशकरग्रहणच्युतोपि,
जाले पुनर्निपतितः शफरो वराकः ।
जालादपि प्रगलितो गलितो बकेन,
वामे विधौ बत कुतो व्यसनान्निवृत्तिः ॥

અર્થ—એક કમનસીબ મચ્છની પણ એવીજ ગતિ બની. તે આપડો પ્રથમ તો એક મચ્છીમારના કર્કશ હાથમાં સપડાઇ ગયો, પણ પ્રયત્ન કરતાં તેમાંથી તો તે છટકયો. એટલામાં પાણી ઉપર બિછાવેલી એક જાળમાં ફસાયો. પ્રયત્ન કરતાં જાળમાંથી પણ છટકયો. એટલામાં એક બગલો ઉભો હતો તે મચ્છને ગળી ગયો. બસ, બિચારાના જીવનનો અંત આવ્યો. વિધિ પ્રતિકૂળ હોય ત્યાં દુઃખની નિવૃત્તિ કયાંથી થાય? ખરી રીતે ભાવીભાવ અર્થાત્ નિયતિજ બળવાન છે.

હે પુરૂષાર્થવાદી! આ ઉપરથી તું એ નિશ્ચય ઉપર આવ કે, ભાવીભાવ હોય તેમજ કાર્ય બને છે. પુરૂષપ્રયત્ન કે માણસની ધારણા કંઈ કામ આવતી નથી. "**दैवी विचित्रा गतिः**" "**दैवेच्छा बलीयसी**" એ ઉકિતઓને સત્ય કરી માન. માણસો અનાજ વગેરેનો પાક આબાદ કરવાને ગમે તેટલી કોશિષ કરે પણ તેનું ફળ આપવાની મારી ઇચ્છા ન હોય તો હું ગમે તે અકસ્માત ઉભો કરૂં; જેમકે--હિમ પાડી પાકને બાળી નાંખું, તીડનાં ઝુંડ લાવી પાક ખવરાવી દઉં, જોઈએ ત્યારે વરસાદને ખેંચી જાઉં, ન જોઈએ ત્યારે બમણું ત્રણગણું વરસાવું, રોગ ફેલાવું, આમ અનેક પ્રકારે ગમે તે રીતે પાકને નષ્ટ કરી દઉં. એક માણસ હુન્નર ખીલવવાને કે કોઇ શોધ કરવાને અવનવા અખતરા કરતો હોય, પૂરતી રીતે પ્રયત્ન કરી રહ્યો હોય, પણ મારે જો તેને ફળ આપવું ન જ હોય તો હું ગમે તે વિઘ્ન નાંખી દઉં–કાંતો તેને બિમાર કરૂં, કાંતો ઉત્તેજન આપનારના મનમાં અવિશ્વાસ કે ઉલ્ટો ભાવ ઉત્પન્ન કરૂં, કાંતો

કાંઈ ઉત્પાત જગાડું, કોઈ પણ રીતે તેની ધારણા રદ કરી નાખું. માટે જેને ફળ આપવુંજ હોય તેને વગરપ્રયત્ને પણ અણધાર્યું ફળ આપું-લોટરી, શરત કે સટ્ટામાં સવળો દાવ અપાવું અથવા મકાનનો પાયો ખોદતાં સોનામહોરોનો ચરૂ દેખાડી દઉં. અર્થાત્ હું ચાહું તે કરવાને સમર્થ છું. મારો વાદ બીજાથી નહીંજ થઇ શકે. કાલ, સ્વભાવ, પૂર્વ કર્મ અને પુરૂષાર્થ એ બધા બદલી જાય પણ હું તો એનો એજ કાયમ રહેવાનો. ઈન્સાફ ખાતર હું કબુલ કરીશ કે મને ઘડનાર પૂર્વનો પુરૂષાર્થજ છે, પણ ઘડાયા પછી તો હું તદ્દન સ્વતંત્ર છું; પછી એક રંચમાત્ર પણ પુરૂષાર્થની સત્તા મારા ઉપર ચાલી શકતી નથી. માટે પાંચેમાં શ્રેષ્ઠ પદ મનેજ મળવું જોઈએ. આટલું કહી હું મારૂં સ્થાન ગ્રહણ કરૂં છું.

પાંચે પક્ષકારો પોતપોતાના દાવા રજુ કરી રહ્યા એટલે પ્રધાને પંડિતજી સાથે વિચાર ચલાવવા માંડ્યો.

પ્રધાન—કેમ પંડિતજી ! આ પાંચે વાદીઓનું કથન બરાબર ધ્યાન રાખીને સાંભળ્યું કે?

પંડિત—જી હાં, સાંભળ્યું.

પ્રધાન—કહો એમાંથી કેટલું સત્યાસત્ય તમોએ તમારી બુદ્ધિથી તારવી કાઢ્યું ?

પંડિત—પ્રધાનજી ' એક રીતે પાંચેનું કથન સત્ય છે; બીજી રીતે અસત્ય છે.

પ્રધાન—તે કેવી રીતે ?

પંડિત—તેઓ પ્રત્યેક બીજાઓને ઉત્થાપીને માત્ર પોતાનીજ સત્તા સ્થાપે છે, તે રીતે તો પ્રત્યેકનું કથન અસત્ય છે. બીજા વાદીઓની પણ જેટલી જેટલી સત્તા છે તેટલી તેટલી તેમની સત્તા સ્વીકારી પોતાનો અહંભાવ અને અધિકવાદ મુકી દઈ જો વાજબી રીતે પોતાની સત્તા સ્થાપે તો તેમનું કથન સત્ય થાય.

પ્રધાન—બરાબર છે. એકાંતવાદ તે મિથ્યા અને અનેકાન્તવાદ તે સત્ય છે. વારૂ, પણ તે દરેકના કથનમાં વાજબી અને ગેરવાજબી શું શું છે તે વિસ્તારથી જણાવો.

પંડિત—કોઈ પણ કાર્યનું ફળ મેળવવું હોય તો અલબત્ત આ પાંચે વાદીઓની ગૌણપણે કે મુખ્યપણે જરૂર પડે છે; પણ તેઓની જરૂરીઆત કયારે અને કેટલે અંશે પડે છે, તેનો વિચાર કરવાને અનેક દાખલાઓ ઉપસ્થિત થાય છે; પણ તે બધાનો વિચાર કરતાં બહુ લંબાણુ થઈ જાય માટે એક ચોક્કસ દાખલો લઈ તે ઉપર વિચાર કરીએ.

ધારો કે એક વિદ્યાર્થી આજે મેટ્રિકનો અભ્યાસ કરવાને મેટ્રિકના કલાસમાં દાખલ થાય છે. તેને મેટ્રિકની પરીક્ષા પસાર કરવારૂપ ફળ મેળવવું છે. મેટ્રિકમાં દાખલ થતાં પહેલાં બીજી નિશાળો અને સ્કુલોમાં ઓછામાં ઓછાં આઠ નવ વર્ષ તેણે પસાર કરેલાં હોવાં જોઈએ. એટલે પ્રથમ ૭ ધોરણ પસાર કરવામાં જેટલો વખત લાગ્યો તેટલા કાળનું બળ મળ્યા પછીજ મેટ્રિકમાં દાખલ થવાય છે; તે પહેલાં દાખલ થવાતું નથી. માટે સૌથી પ્રથમ કાળની જરૂર પડે છે. જોકે આગલાં વર્ષોમાં ૭ ધોરણ પસાર કરવાને પ્રયત્ન પુરુષાર્થ પણ કરવો પડયો છે, પણ અહિં કાળની ગણુનામાં તેની ગૌણુતા હોવાથી તે પ્રયત્ન કાળમાંજ ગણાયો છે.

એક પશુ જેવા, અભ્યાસની અરૂચિવાળા, જડભરત, મંદ-મતિને શાળા કે સ્કૂલમાંના અભ્યાસને માટે તેટલો કાળ મળ્યો હોય તોપણુ તે મેટ્રિકમાં દાખલ થવાને યોગ્ય થઈ શકતો નથી, તે ઉપરથી સિદ્ધ થાય છે કે કાળની સાથે અભ્યાસની રૂચિ, મનની સ્થિરતા, સભ્યતા વગેરે શિક્ષણુયોગ્ય સ્વભાવની પણ જરૂર પડે છે. સ્વભાવ વિના કાળ વ્યર્થ જાય છે, કાર્ય સફળ થતું નથી; માટે કાળની પેઠે સ્વભાવ પણ યોગ્યતા સંપાદક છે.

સ્વભાવે સુશીલ, સ્થિર હોય પણ બુદ્ધિ ન હોય તો છ ધોરણ પસાર કરી મેટ્રિકમાં દાખલ થવાને લાયક થઇ શકે નહિ અને જેમ તેમ દાખલ થાય તો મેટ્રિકમાં વિજય મેળવી શકે નહિ, માટે બુદ્ધિ તથા આરોગ્ય વગેરેની પણ જરૂર પડે છે અને તે શક્તિ પૂર્વ કર્મ-પ્રાપ્ત છે. માટે ત્રીજે નંબરે પૂર્વ કર્મની અપેક્ષા રહે છે.

આ ત્રણ કારણના યોગથી વિદ્યાર્થી મેટ્રિક કલાસમાં દાખલ થાય છે ત્યારથી પ્રકૃત કાર્ય માટે મુખ્યપણે પુરુષાર્થની જરૂર છે. નિયમસર સ્કૂલમાં જવું જોઈએ, શિક્ષક જે પાઠ આપે તે ધ્યાન રાખી ધારવો જોઈએ, આસન લગાડી સ્થિર બેસવું જોઈએ, રજા પડયા પછી પણ ઘેર જઈ પાઠ કરવો જોઈએ વગેરે વગેરે. જો આવી રીતે પુરુષાર્થ કરવામાં ન આવે તો પહેલાનાં ત્રણ કારણો પણ વ્યર્થ જાય છે. માટે ત્રણ કારણોની સાથે ચોથા પુરુષાર્થની પણ જરૂર પડે છે.

આ વખતે પહેલાં ત્રણ કારણો જ્યારે ગૌણપણે કાર્ય સાધે છે, ત્યારે પુરૂષાર્થ મુખ્યપણે કાર્યસાધક બને છે.

પુરુષાર્થ કરતાં પણ વચ્ચે વચ્ચે વિઘ્નો આવે છે. તે વિઘ્નો બે પ્રકારનાં હોય છે; એક તો પુરુષાર્થથી દૂર કરી શકાય તેવાં હોય છે, અને બીજા પ્રકારનાં વિઘ્નો પુરૂષાર્થથી દૂર કરી શકાતાં નથી. અભ્યાસ કરતાં મંદવાડ થયો એટલે પાઠ બંધ રહ્યો. પુરૂષાર્થથી ડૉકટર પાસે ગયા, દવા કરી, તો આરામ થઈ ગયો. તે નિરાધાર વિદ્યાર્થીને અભ્યાસ માટે કોઈના તરફથી સ્કોલરશીપ કે પુસ્તકો અને ફીમાં મદદ મળતી હતી તે ગમે તે કારણથી બંધ થઈ અને અભ્યાસ મુકી દેવાનો વખત આવ્યો; પણ પુરૂષાર્થ કરતાં વળી બીજા કોઈ ગૃહસ્થ તરફથી મદદ મળી અને વિઘ્ન દૂર થઈ ગયું. આવા પ્રકારનાં વિઘ્નો તો પૂર્વ કર્મમાં સમાઈ જાય છે; પણ કેટલીક વાર એવાં

અણધાર્યાં વિઘ્નો* અકસ્માતો નડે છે કે જે કોઈ પણ પ્રયત્નથી દૂર થઈ શકે નહિ અને અભ્યાસ મૂકી દેવાનોજ વખત આવી પુગે અથવા નાપાસજ થવું પડે; તેવાં વિઘ્નોને આપણે નિયતિની કૃતિ તરીકે ગણીશું. કાર્યને સફળ કરવામાં અનુકૂલ નિયતિની જરૂર પડે છે.

ઉપર કહેલાં પાંચે કારણો એકઠાં થાય ત્યારેજ મેટ્રિકમાં દાખલ થયેલો વિદ્યાર્થી પરીક્ષા પસાર કરવારૂપ ફળ મેળવી શકે છે. એવી રીતે દરેક કાર્યમાં ફળસિદ્ધિ મેળવવાને આ પાંચે કારણોની જરૂર પડે છે; જો કે કાર્ય પરત્વે પાંચેનું બલાબલ પૃથક્ પૃથક્ છે; કોઇ સ્થળે કોઈની પ્રધાનતા અને કોઈ સ્થળે કોઈની પ્રધાનતા હોય છે.

આંહી વિચારવાનું એ છે કે, કાળ એટલે સામાન્ય કાળ નહિ પણ ક્રિયાસિદ્ધિ કાળ, વસ્તુપરિપાક કાળ અથવા કર્મસ્થિતિરૂપ કાળ સમજવો. જે ક્રિયા જેટલા કાળમાં સિદ્ધ થાય તેટલા કાળને ક્રિયાસિદ્ધિ કાળ ગણી શકાય. જેમ એક વસ્ત્ર બનાવતાં કે વાસણ બનાવતાં અમુક વખત લાગે તે ક્રિયાસિદ્ધિ કાળ કહેવાય. અન્ન, ફળાદિકને પાકતાં જે કાળ લાગે તે વસ્તુપરિપાક કાળ ગણાય. પણ કાળની આ મર્યાદા અનિયત છે. સ્વભાવ, કર્મ અને પુરૂષાર્થથી તે મર્યાદા બદલી પણ શકાય છે. એક ઝાડનું ફળ એક દેશમાં પંદર દિવસે પાકે, તો બીજા દેશમાં તેજ ફળ દશ દિવસે પાકે છે. દેશસ્વભાવથી પણ કાળની મર્યાદામાં ફેરફાર થાય છે; તેમજ જાતિસ્વભાવથી પણ ફેરફાર થાય છે. અમુક જાતની કેરી અમુક વખતે પાકે છે, ત્યારે બીજી જાતની કેરી તેજ દેશમાં થોડે યા વધારે વખતે પાકે છે. પુરૂષાર્થથી જે કાળપરિવર્તન થાય છે તે સ્વભાવચંદ્રે પોતાના વિવાદમાં જણાવ્યું છે. શુભ, અશુભ કર્મથી પણ કર્મસ્થિતિ લાંબી ટુંકી થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું

* વિદ્યાર્થી પરીક્ષા આપતાંજ ઓચીંતો ચકરી ખાઈ પડે, પરીક્ષાના દિવસેજ કોઇ અણધાર્યો અકસ્માત્ બને ઈત્યાદિ દૃષ્ટાંત આપી શકાય.

છે. આ ઉપરથી એટલું સમજાય છે કે, કાળ જે એવો ફાંકો છે, કે હું ફળ આપું ત્યારેજ મળે, મારી મર્યાદા અનુલ્લંઘની એ વાત બરાબર નથી. કાળ, સ્વભાવ આદિ સંયોગોને અ હોવાથી પરતંત્ર છે. કોઈ વિદ્યાર્થી સાત વરસે મેટ્રિક થાય અને ખાનગી રીતે અભ્યાસ કરી ત્રણ ચાર વરસમાં પણ મેટ્રિક જ્ઞાન મેળવી શકે છે. તેનો આધાર ઉદ્યમ ઉપર છે. માટે ક મર્યાદા ઉલ્લંઘી પણ શકાય છે. એટલું ખરૂં કે કોઇ ક્રિયા કરતાં થોડા યા ઘણા કાળની જરૂર તો પડેજ છે. કાળની મૂળથી ઉખેડી ફેંકી દેવાથી કાર્ય સિદ્ધ થાય નહિ. બીજું કાળની સાથે વસ્તુસ્વભાવ, પ્રારબ્ધ અને પુરૂષાર્થ હોય તોજ કાર્યસાધક બની શકે; પણ એકલા કાળથી કંઈ થઈ શકે નહિ

અનિયત મર્યાદાવાળા કાળને પણ કારણ તરીકે ગણવાનો એ પણ છે કે તેથી મનુષ્યો ધીરજ રાખવાનો પાઠ શીખે. અ એક ક્ષણે ક્રિયા કરી તેનું ફળ બીજીજ ક્ષણે મળવાની આશા કામ કરવામાં આવે, પણ ફળ તો બીજી ક્ષણે મળતું નથી; અધીરજ આવતાં માણસ એમ સમજે કે આ ક્રિયા નિષ્ફળ ફળ મળ્યું નહિ એમ માની કાર્ય કરતાં અટકી જાય અને વંચિત થાય. પણ કાળને કારણ તરીકે સમજે તો તેટલી અ ન રહે. એમ સમજાય કે કાળે કરી ફળ મળશે; માટે કાર્ય રહેવું; એમ સમજી માણસ ધીરજ રાખી પુરૂષાર્થમાં મચ્યો રહે કાળની કારણતા નિરૂપયોગી નથી.

સ્વભાવ શબ્દથી વસ્તુસ્વભાવ, દેશસ્વભાવ, ક્ષેત્રસ્વ કાળસ્વભાવ, સમાજના સંયોગો અને કુદરતના સંયોગોનું થાય છે. કાળની પેઠે સ્વભાવની મર્યાદાનું ઉલ્લંઘન સહેલાઇથી શકતું નથી, એટલુંજ નહિ પણ કેટલીકવાર પ્રારબ્ધ અને પુ પણ સ્વભાવને અનુસરી કામ કરે છે. જેમકે ગમે તેવો પ્રાર બળવાળો પુણ્યશાળી માણસ હોય, તોપણ તે જે દેશમાં

હોય તે દેશની ઠંડી ગરમી કે અન્ય ઉપદ્રવોની પીડા તેને સહન કરવી પડે છે. તેમજ ઉદ્યોગ પણ તે દેશના ઋતુસ્વભાવને અનુસરીનેજ થઈ શકે છે. માટે સ્વભાવ એ પ્રબળ કારણ જણાય છે. તોપણ કેટલીક બાબતમાં પુરૂષાર્થથી સ્વભાવમાં ફેરફાર થઇ શકે છે. ક્રોધી સ્વભાવવાળો માણસ સત્સંગથી શાંત સ્વભાવી બનતો આપણે જોઈએ છીએ. ગરમ સ્વભાવવાળી વસ્તુને ભિન્ન સ્વભાવવાળી ચીજ સાથે મિશ્રિત કરવાથી જુદો સ્વભાવ ઉત્પન્ન થાય છે અને નવીન ફળ આપે છે. જોકે નિશ્ચય દૃષ્ટિથી તો જેનો જે સ્વભાવ, તેજ રહે છે; માત્ર સંયોગવશે આવિર્ભાવ, તિરોભાવ થાય છે; પણ વ્યવહારદૃષ્ટિથી ફેરફાર થતો જણાય છે.

પ્રારબ્ધ-પૂર્વ કર્મનો વિષય ઘણે ભાગે સજીવ વસ્તુને લાગુ પડે છે. નિર્જીવ વસ્તુના સમ્બન્ધમાં તો તે વસ્તુના પૂર્વકાલીન સંયોગો તેજ તેનાં પૂર્વ કર્મો છે. સજીવ વસ્તુ પ્રાણી વર્ગને યદ્યપિ ઇંદ્રિય, પ્રાણ, શરીર, અંગોપાંગ, ગતિ, જાતિ, સંઘયણ (શરીરનો બાંધો), સંસ્થાન (આકૃતિ દેખાવ), જીવન, મરણ વગેરે પૂર્વ કર્માનુસારે મળે છે; તોપણ કર્માનુસારે મળેલી દરેક શકિતનો વિકાસ કરવામાં પુરૂષાર્થની પૂર્ણ જરૂર પડે છે. શરીર કર્મયોગે મળ્યું, પણ ખાન પાન વગેરે સાર સંભાળ રૂપ પુરૂષાર્થ કરવામાં ન આવે તો તેનો વિકાસ થઈ શકે નહિ. ઇંદ્રિયો મળી, પણ દરદ વગેરેથી તેનું રક્ષણ કરવામાં ન આવે તો શક્તિનો વિકાસ થવો તો દૂર રહ્યો, પણ ઉલ્ટો શકિતનો નાશ થઈ જાય. દરેક કર્મ એવું નિકાચિત ન હોય કે વગર પુરૂષાર્થે પણ તે અવશ્ય કરીને ફળ આપેજ. કેટલાંક કર્મોનો ઉદય સંયોગાધીન હોય છે, દેશકાળના સ્વભાવાધીન હોય છે; અને કેટલેક સ્થળે પુરૂષાર્થથી પણ કર્મનો ઉપશમ, સંક્રમણ, ઉદ્‌વર્તન, અપવર્તન થઈ શકે છે. માટે પૂર્વકર્મમર્યાદા પણ અનુલ્લંઘનીય કહી શકાય નહિ. કેટલાએક લોકો કરમમાં લખ્યું હશે તેમજ થશે, એમ કહી કર્મને સ્વતંત્ર કારણ માનવાની જે ભૂલ કરે છે તેથી ઘણીવાર અનર્થ

થાય છે. કર્મને સ્વતંત્ર કારણ માનનારાઓ પુરૂષાર્થને પડતું મૂકી આળસુ અને એદી બની જાય છે, તેથી ધર્મ અને કર્મ ઉભયથી ભ્રષ્ટ થાય છે, મળેલી શક્તિ અને સમ્પત્તિ તેઓ ગુમાવી બેસે છે. તેમજ જેઓ પૂર્વ કર્મને સદંતર ઉડાડી દે છે, કર્મની બિલ્કુલ સત્તા માનતા નથી, તેઓ પણ મોટી ભૂલ કરે છે. પૂર્વ કર્મ માનનારાઓ જેમ વિપત્તિના વખતમાં પોતાની પૂર્વકાલીન ભૂલનું પરિણામ માની સંતુષ્ટ રહે છે, સુખ દુઃખમાં સમભાવી બને છે, તેમ પૂર્વ કર્મને ન માનનારા રહી શકતા નથી. તેમને દિલાસો આપનાર કોઈ રહેતું નથી, તેથી હાય વોય કરી આર્ત ધ્યાન ધરે છે. માટે પૂર્વ કર્મની કારણતા પણ ઉપયોગી છે. પણ તે એટલે અંશે હોવી જોઈએ કે જેથી માણસો અનુદ્યોગી-આળસુ ન બની જાય. પૂર્વ કર્મની કારણતા પુરૂપાર્થ સહકૃત માનવાથી વધારે લાભ છે.

મહાભારતમાં પણ પ્રારબ્ધ અને પુરૂપાર્થ બન્નેની રથના બે પઈડાની માફક અન્યોન્ય સાપેક્ષતા જણાવી છે. સાંભળો—

आबद्धा मानुषाः सर्वे, निबद्धाः कर्मणोर्द्वयोः ।
दैवे पुरुषकारे च, परं ताभ्यां न विद्यते ॥
म. भा. सौ. प. अ० २, २

અર્થ—કૃપાચાર્ય અશ્વત્થામાને કહે છે કે સર્વે મનુષ્યો પૂર્વ કર્મ અને પુરૂપાર્થથી બન્ધાયેલ છે. એ બે કારણ સિવાય ત્રીજું કંઈ કારણ વિદ્યમાન નથી.

नहि दैवेन सिद्धयन्ति, कार्याण्येकेन सत्तम ।
न चापि कर्मणैकेन, द्वाभ्यां सिद्धिस्तु योगतः ॥
म. भा. सौ. प. अ० २, ३

હે અશ્વત્થામન્! એકલા દૈવ (પૂર્વ કર્મ) થી કાર્યોની સિદ્ધિ થતી નથી કિન્તુ કર્મ અને પુરૂપાર્થ એ બેના યોગથી સિદ્ધિ થાય છે, એ નિઃસંદેહ છે.

ताभ्यामुभाभ्यां सर्वार्था, निबद्धा अधमोत्तमाः
प्रवृत्ताश्चैव दृश्यन्ते, निवृत्ताश्चैव सर्वशः ॥
म. भा. सौ. प. अ० २, ४

અર્થ—હે અશ્વત્થામન્! ઉત્તમ અને અધમ સર્વે કાર્યો આ એ કારણથી પ્રવૃત્ત અને નિવૃત્ત થયેલ દેખાય છે.

पर्जन्यः पर्वते वर्षन्, किन्नु साधयते फलम् ।
कृष्टे क्षेत्रे तथाऽवर्षन्, किन्नु साधयते फलम् ॥
सुवृष्टे च यथा देवे, सम्यक् क्षेत्रे च कर्षिते ।
बीजं महागुणं भूया-त्तथा सिद्धिर्हि मानुषी ॥
म. भा. सौ. प. अ० २, ५–७

અર્થ—હે અશ્વત્થામન્! પર્વતમાં વરસતો વરસાદ શું ફળ સાધી શકે? તેમજ ખેડેલ ક્ષેત્રમાં ન વરસતો વરસાદ પણ શું ફળ સાધી શકે? નહિ. જ્યારે વરસાદ સારી રીતે વરસે અને ક્ષેત્ર પણ સારી રીતે ખેડાએલ હોય તો વાવેલું બીજ ફળદાયક બને છે. તેમ પ્રારબ્ધ અને પુરૂષાર્થ બન્ને ઉચિત હોય તો મનુષ્ય કાર્યની સિદ્ધિ મેળવી શકે છે.

हीनं पुरुषकारेण, यदि दैवेन वा पुनः ।
कारणाभ्यामथैताभ्या-मुत्थानमफलं भवेत् ॥
म. भा. सौ. प. अ० २, १९

અર્થ—હે અશ્વત્થામન્! પુરૂષાર્થહીન અથવા દૈવહીન અથવા એ બન્ને કારણોથી હીન ઉત્થાન–પ્રયત્ન નિષ્ફળ થાય છે.

પુરુષાર્થ માટે જોઈએ તેટલું પુરુષાર્થવાદી તરફથી બોલાઈ ગયું છે, જેથી તેમાં વધારે વિચારવાનું રહેતું નથી, તોપણ તેમાં થોડો ખુલાસો કરવો પડશે. યદ્યપિ પુરુષાર્થને સ્વભાવાદિ સંયોગોનું શરણું લેવું પડશે, તોપણ તે વિજય આપનાર એક્કો છે, નિકાચિત નહિ એવાં પૂર્વ કર્મોને પણ ફેરવી શકે છે. રેલ્વે, તાર, ટેલિગ્રાફ, ફોનોગ્રાફ, વિવિધ સંચા અને કારખાંનાઓની શોધ પુરુષાર્થને આભારી

છે. પુરુષાર્થેજ દરિયામાં અને પૃથ્વીના તળીયામાં માર્ગ કરી દીધો છે અને દૂરની વસ્તુ નજીક તથા સૂક્ષ્મ વસ્તુને સ્થૂલરૂપે દર્શાવવાની યુક્તિ શોધી કાઢી છે. જે પ્રજાએ પુરૂષાર્થને પ્રધાનપદ આપ્યું છે તે અર્થ, સામ્રાજ્ય અને સત્તા ભોગવે છે. જે પ્રજા પુરૂષાર્થને ધિક્કારે છે અથવા તેને દૂર ઠેલે છે તે પ્રજા દુઃખ અને દરિદ્રતામાં ડૂબતી જોવાય છે, '**किंबहुना**' પુરૂષાર્થવાદીએ પ્રમાણુ તરીકે રજુ કરેલાં મહાવીર સ્વામીનાં વચનોજ પુરૂષાર્થની પ્રધાનતા માનવા માટે પૂરતાં છે. પુરૂષાર્થ માત્ર એક નિકાચિત કર્મોની આગળજ અટકે છે; તે સિવાય તે કેટલેક અંશે સ્વતંત્રપણે પણ કામ બજાવી શકે છે.

પાંચમું કારણ નિયતિ છે, કે જે નિકાચિત બન્ધવાળા કર્મરૂપ છે, જે કર્મ અવશ્ય ભોગવવું પડે, જેની સ્થિતિમાં કે વિપાકમાં કંઈ ફેરફાર થઇ શકે નહિ, તે કર્મના બન્ધને "નિકાચિતબંધ" કહેવામાં આવે છે. કાર્યમાં અને ફળ મેળવવામાં વિઘ્ન પાડનાર કર્મ તે "અન્તરાય કર્મ" ગણાય છે. આ અન્તરાયના અનિવાર્ય વિપાકને અથવા અકસ્માત્ ફળ આપનાર કર્મને આપણે નિયતિ તરીકે ગણીશું. જે કારણનું ફળ પુરૂષાર્થથી ઉલ્ટીજ દિશામાં ગતિ કરે અને જે અણુધાર્યું અકસ્માત્ પ્રાપ્ત થાય તે ફલને "નિયતિ" નું કાર્ય ગણીશું. આ પ્રમાણે નિયતિનું ક્ષેત્ર ઘણું મર્યાદિત છે, કારણુકે પુરૂષાર્થ વિરૂદ્ધ ફળ આપનારાં કૃત્યો બહુ હોતાં નથી. કર્મના ખજાનામાં શિથિલ બંધવાળાં કર્મો કરતાં નિકાચિત બન્ધવાળાં કર્મો થોડાં હોય છે. નિયતિનું ક્ષેત્ર સ્વલ્પ, પણ સામર્થ્ય અધિક જણાય છે; કારણુકે તે કોઈનાથી બદલી શકાતું નથી, તે સ્વભાવને પોતાનો તાબેદાર બનાવે છે, પુરૂષાર્થથી પણ ઉલટું ચાલે છે, પોતાનું ધારેલું ફળજ આપે છે, માટે તે સમર્થ ગણી શકાય ખરૂં. પણ કેટલીકવાર તેનું સામર્થ્ય માપવામાં મનુષ્યોની ભૂલ થાય છે. પુરુષાર્થ કરતાં કાર્યમાં થોડું

પણ વિઘ્ન આવ્યું કે આળસુ અને સુસ્ત મનુષ્યો તે કાય નિયતિ-ભાવીભાવનું માની લઈ પુરુષાર્થમાં આગળ વધતાં અટકી જાય છે. વસ્તુતઃ તેમનું અટકવું અસ્થાને અને ભૂલભરેલું હોય છે. ઘણે ભાગે તે વિઘ્નો પુરૂષાર્થવડે દૂર થઈ શકે તેવાં હોય છે, તે વિઘ્નો નિયતિની હદમાં ગયેલાં હોતાં નથી, માટે ફલાભિલાષી પુરૂષોએ નિયતિની પરીક્ષા એકવારના ઉદ્યમથીજ નહિ કરતાં એકવાર ફળ ન મળ્યું તો બીજીવાર–ત્રીજીવાર વારંવાર ઉદ્યમ કરવો. તેમ કરતાં છેવટે કોઇ પણ રીતે ફળ પ્રાપ્ત ન થાય અથવા વિરૂદ્ધ ફળ મળે ત્યારેજ તે કાર્ય નિયતિ–ભાવીભાવનું છે એમ માનવું; પણ પ્રથમથીજ ખોટાં અનુમાનો કરી નિયતિની હદ વધારી આળસુ બની જવું નહિ. નિયતિની માન્યતા માણસને નિરાશ દશામાં આશ્વાસન આપી શાન્તિ ઉપજાવે છે. નિયતિનો સમાવેશ પૂર્વ કર્મમાં થઈ શકત, પણ પૂર્વ કર્મને જ્યારે પુરુષાર્થની સત્તા નીચે રાખીએ છીએ ત્યારે નિયતિ પૂર્વ કર્મની સાથે ભળી શકતું નથી; કારણકે તે પુરૂષાર્થની સત્તાથી બહાર સ્વતંત્ર રહે છે. યદ્યપિ એક કાર્ય સાધવામાં અનેક વસ્તુઓની જરૂર પડે છે તે સર્વની ગણના કરીએ તો અનેક કારણો ગણી શકાય, પણ ઉક્ત પાંચ કારણોમાં તે સર્વનો સમાવેશ થઇ જાય છે. આ પાંચ કારણોનો પણ સંગ્રહનયથી સંક્ષેપ કર્યો હોય તો, કાળ પુરૂષાર્થના સંયોગોમાં, નિયતિ પૂર્વ કર્મમાં અને પ્રારબ્ધ ભૂતકાલીન પુરૂષાર્થમાં ભળી જવાથી સ્વભાવ અને પુરુષાર્થ એ બે મુખ્ય કારણ ગણી શકાય.

પ્રધાનજી! મારી બુદ્ધિ પ્રમાણે પાંચ કારણોનું યત્કિંચિત્ પૃથક્કરણ કરી યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યો છે, તે ઉપરથી સત્યાસત્યનો નિર્ણય કરી, આપ આ પાંચે વાદીઓને ઈન્સાફ આપશો એમ આશા રાખી હું મારૂં વક્તવ્ય બંધ રાખું છું.

પ્રધાન—મહારાજાધિરાજ! પંડિતજીએ વિવેચન કર્યું છે તે

યથાર્થ લાગે છે. આ ઉપરાંત વધારે વિચાર કરવાનું કંઇ રહેતું નથી; માટે આ પાંચેને ન્યાય સંભળાવવા કૃપા કરશો.

રાજા—વાદીઓ અને સભાસદો! કાળ, સ્વભાવ, પૂર્વકર્મ, પુરુષાર્થ અને નિયતિ એ પાંચેનો સ્વતંત્ર કારણતા માટે જે દાવો છે તે મિથ્યા છે; નિયતિ સિવાય સ્વતંત્ર કારણતા એકકેની ઘટતી નથી. નિયતિ બીજા કરતાં કંઇક સ્વતંત્ર છે, પણ તે સંપૂર્ણ નહિ; વસ્તુસ્વભાવની તેને પણ અપેક્ષા રહે છે. વળી તેનું કામ જોડવા કરતાં તોડવાનું વધારે છે, તેનો પ્રદેશ પણ બહુ મર્યાદિત છે. માટે વાદીઓના કહેવા પ્રમાણે તેમની સ્વતંત્ર કારણતા સિદ્ધ થતી નથી; કિન્તુ સાપેક્ષ કારણતા સિદ્ધ થાય છે. પાંચે વાદીઓ સાથે મળી સુખ–દુઃખ, લાભાલાભ, જીવન–મરણ વગેરેમાં કારણભૂત થઇ શકે છે; એટલે પાંચેનો સમવાય (સમુદાય) કારણ મનાય છે. પાંચેની સમાનકારણતા હોવા છતાં પણ ગૌણ મુખ્ય ભાવ તો છેજ. ઋતુનો ફેરફાર વગેરે કેટલાંક કાર્યોમાં કાળની પ્રધાન કારણતા અને બીજાની ગૌણતા છે. સ્વભાવની લગભગ સર્વત્ર સમાન કારણતા છે. જીવન શક્તિઓ, શરીર, અંગોપાંગો, ઇન્દ્રિય, પ્રાણ વગેરે સંપત્તિમાં પૂર્વ કર્મની પ્રધાનતા છે; પુરુષાર્થ પ્રભૃતિની ગૌણતા છે. શક્તિઓનો વિકાસ કરવામાં, વિદ્યા, હુન્નર, કળા, વિજ્ઞાન, શોધો વગેરેમાં પુરુષાર્થની પ્રધાનતા અને પૂર્વ કર્મ આદિની ગૌણતા છે. અચાનક અકસ્માતોમાં નિયતિની પ્રધાનતા અને અન્યોની ગૌણતા છે. બસ, આ પ્રમાણે દરેક વાદીએ પોતપોતાના વિષયમાં પ્રધાનતા અને બીજે સ્થળે પોતાની ગૌણતા સ્વીકારી ગર્વ અને અધિકવાદ તજી દેવો તથા એક બીજાના બળનો સ્વીકાર કરવો. (કચેરી બરખાસ્ત).

સમાપ્ત

પ્રાપ્તિસ્થાન

ગણેશમલજી સરદારમલજી
નયા બજાર, અજમેર.

વાડીલાલ કકુભાઈ સંઘવી
સારંગપુર તળીયાની પોળ, અમદાવાદ.

અજરામર જૈન વિદ્યાશાળા
લિંબડી, (કાઠિયાવાડ)